RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 8 * Issue No. 273* Date: 30.07.2024, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ડિજિટલ પેમેન્ટમાં પૂરી દુનિયામાં ભારત એકલાની ૪૦ ટકા હિસ્સેદારી : મોદી

## વડાપ્રધાને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી ના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ કર્યો



અમદાવાદ,તા.૨૯

ચૂંટણીના વર્ષમાં ફરી એકવખત પીએમ નરેન્દ્ર મોદી ગુજરાત આવ્યા છે. પીએમ મોદી હાલ ગિફ્ટ સિટી પહોંચ્યા છે. જ્યાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટરની મુલાકાત કરી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં છે.વડાપ્રધાન મોદીના હસ્તે ગાંધીનગરના ગીફ્ટ સીટી ખાતે IFSCA ના હેડક્વાર્ટર ભવનનો શિલાન્યાસ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સ્ચેન્જ તથા NSE IFSC – SGX Connectનું લોન્ચિંગ કર્યું છે.

આજે ગિફ્ટ સિટીમાં International Financial Services Centres Authority - IFSCA Headquarters Buildingનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, મને વિશ્વાસ છે કે આ ઈમારત તેના આર્કિટેક્ચરમાં જેટલી ભવ્ય છે તેટલી જ તે ભારતને આર્થિક મહાસત્તા બનાવવા માટે અમર્યાદિત તકો પણ ઊભી કરશે. ભારત હવે યુએસએ, યુકે અને સિંગાપોર જેવા વિશ્વના દેશોની હરોળમાં ઊભું છે, જ્યાંથી વૈશ્વિક નાણાને દિશા આપવામાં આવે છે. આ અવસર પર હું તમને અને તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીના વિઝન સાથે દેશના સામાન્ય માણસની આકાંક્ષાઓ જોડાયેલી છે. ગિફ્ટ સિટીમાં ભારતના ભવિષ્યનું વિઝન જોડાયેલું છે, ભારતના સોનેરી ભૂતકાળના સપનાઓ પણ જોડાયેલા છે. ગિફ્ટ સિટી વાણિજ્ય અને ટેક્નોલોજીના હબ તરીકે મજબૂત છાપ ઉભી કરી રહ્યું છે. ગિફ્ટ સિટી wealth અને wisdom બંનેની ઉજવણી કરે છે. મને એ જોઈને આનંદ થાય છે કે GIFT સિટી દ્વારા ભારત વૈશ્વિક સ્તરે સેવા ક્ષેત્રમાં મજબૂત હિસ્સો સાથે આગળ વધી રહ્યું છે

૨૦૦૮માં વિશ્વ આર્થિક સંકટ અને મંદીનો સમયગાળો હતો. ભારતમાં પોલિસી પેરાલિસિસનું વાતાવરણ હતું. પરંતુ, તે સમયે ગુજરાત ફિનટેક ક્ષેત્રે નવા અને મોટા કદમ ઉઠાવી રહ્યું હતું. મને આનંદ છે કે તે વિચાર આજે આગળ વધ્યો છે. આપણે યાદ રાખવું પડશે કે વાઈબ્રન્ટ ફિનટેક સેક્ટરનો અર્થ માત્ર સરળ વ્યાપાર વાતાવરણ, સુધારા અને નિયમો નથી. તે વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા વ્યાવસાયિકોને વધુ સારું જીવન અને નવી તકો આપવાનું પણ એક માધ્યમ છે. આજે ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. તેથી ભવિષ્યમાં જ્યારે આપણી અર્થવ્યવસ્થા આજની સરખામણીએ મોટી હશે, ત્યારે આપણે તેના માટે અત્યારે જ તૈયાર રહેવું પડશે. આપણે તેના માટે એવી સંસ્થાઓની જરૂર છે જે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આપણી વર્તમાન અને ભવિષ્યની ભૂમિકાને પૂરી કરી શકે.તેમણે જણાવ્યું કે, ગિફ્ટ સિટી સાથે સામાન્ય માણસની આંકાંક્ષા, ભારતના ભવિષ્યનું વિઝન જોડાયેલું છે. જાન્યુઆરી ૨૦૧૩માં ગિફ્ટ બેક્રના ઈનોગ્રેશન માટે આવ્યો હતો. ત્યારે ગુજરાતની સૌથી ઉંચી બિલ્ડિંગ કહેતા હતા. પરંતુ ગિફ્ટ સિટી એક એવો આઈડિયા પોતાના સમય કરતા પણ ઘણો આગળ હતો. આજે ૨૧મી સદીમાં નાણા અને ટેકનોલોજી એકબીજા સાથે જોડાયેલા છે, અને જ્યારે ટેક્નૉલૉજી, વિજ્ઞાન અને સૉફ્ટવેરની વાત આવે છે, ત્યારે ભારત પાસે એક edge અને experience પણ છે. આજે સમગ્ર વિશ્વમાં રિયલ ટાઈમ ડિજિટલ પેમેન્ટ્સમાં એકલા ભારતનો હિસ્સો ૪૦% છે. છેલ્લા ૮ વર્ષમાં દેશમાં financial inclusion ની નવી લહેર જોવા મળી છે. ગરીબમાં ગરીબ લોકો પણ આજે ઔપચારિક નાણાકીય સંસ્થાઓમાં જોડાઈ રહ્યા છે. આજે જ્યારે આપણી મોટી વસ્તી ફાઈનાન્સ સાથે જોડાઈ છે, ત્યારે સમયની જરૂરિયાત છે કે સરકારી સંસ્થાઓ અને પ્રાઈવેટ પ્લેયર્સ સાથે મળીને આગળ વધે.

ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ગિફ્ટ સિટી ટ્રેડ બિઝનેસ અને ફાઈનાન્સ સેક્ટરને ગ્લોબલ સેન્ટર બનાવશે. ગિફ્ટ સિટી પાસે રિવરફ્રન્ટ વિકાસ માટે ૩૭૫ કરોડના બેજેટનું આવંટન કરવામાં આવ્યું છે. ઈકોસિસ્ટમ સ્ટોક એક્સચેન્જ પર ૧૦૦ ટકા રિફંડની સુવિધા આપી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી આગામી દિવસમાં મેન્યુફેક્ચરિંગ, સિરામિક, ડાયમન્ડ અને ફાર્માસ્યૂટિકલ હબ બન્યું છે અને હવે ફાઈનાન્સિયલ સર્વિસનું હબ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. અમે ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટયૂટ અને કંપનીઓને આમંત્રણ આપીએ છીએ કે ગુજરાત આવો અને વ્યાપાર કરો. રાજયના સીએમ ભૂપેન્દ્ર પટેલે મોમેન્ટો આપી તેમનું સ્વાગત કર્યું છે.

ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સ્ચેન્જ ખાતે દરરોજ ૫૦ હજાર કરોડથી વધુના સોના-ચાંદીનું ટ્રેડિંગ થશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારામન, ગુજરાતના નાણાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી ડૉ. ભાગવત કિશનરાવ કરાડ અને કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં .

# એસસીઓઓમાં ઈરાનનો પ્રવેશ વિશ્વ બજાર પર પ્લેટફોર્મનો પ્રભાવ મજબૂત કરશે : એસ જયશંકર

### અમે અફઘાનિસ્તાનને દરેક સંભવ મદદ કરી રહ્યા છીએ

તાશ્કંદ,તા.૨૯

કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકરે શુક્રવારે ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંદમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) ના વિદેશ મંત્રીની બેઠકમાં હાજરી આપતાં વૈશ્વિક અને પ્રાદેશિક પડકારોનો સામનો કરવા અને ફોરમના વિસ્તરણમાં સંયુક્ત પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો હતો. જયશંકરે કહ્યું કે એસસીઓઓમાં ઈરાનનો પ્રવેશ વિશ્વ બજાર પર પ્લેટફોર્મનો પ્રભાવ મજબૂત કરશે.

જયશંકરે અફઘાનિસ્તાનનો સામનો કરી રહેલા સંકટનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે એસસીઓએ યુદ્ધગ્રસ્ત રાષ્ટ્રમાં ભૂખમરાના સંકટનો સામનો કરવો જોઈએ. તેમણે એ પણ પ્રકાશિત કર્યું કે ભારતે અફઘાનિસ્તાનને ભૂખ અને ખાદ્ય અસુરક્ષા સામે લડવામાં મદદ કરવા માનવતાવાદી સહાય પૂરી પાડી. તેમણે કહ્યું, ‘ભારત અફઘાનિસ્તાનની દરેક જગ્યાએ મદદ કરી રહ્યું છે. અમે કાબુલની ઈન્દિરા ગાંધી હોસ્પિટલને ૪૦,૦૦૦ ટન ઘઉં, ૫૦૦,૦૦૦ રસીના ડોઝ, તેમજ કપડાં અને કટોકટીનો પુરવઠો પહેલેથી જ પહોંચાડી ચૂક્યા છીએ.

જયશંકરે તાશ્કંદમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના વિદેશ મંત્રીઓની પરિષદમાં પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો, ચીનના વિદેશ મંત્રી વાંગ યી, રશિયન સમકક્ષ સર્ગેઈ લવરોવ, કઝાકિસ્તાનના વિદેશ મંત્રી મુખ્તાર તાલેબર્દી અને તાજિક વિદેશ મંત્રી સિરોઝિદ્દીન મુહારીદ્દીન સાથે મુલાકાત કરી. તેમનું અહીં ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્જિયોયેવે સ્વાગત કર્યું હતું. શાહબાઝ શરીફની આગેવાની હેઠળના ગઠબંધન દ્વારા ઈમરાન ખાનની હકાલપટ્ટી બાદ બિલાવલ ભુટ્ટો એસ જયશંકર સાથે એક જ સ્ટેજ શેર કરી રહ્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. જીર્ઝના સેક્રેટરી જનરલ ઝાંગ મીન અને જીર્ઝ પ્રાદેશિક આતંકવાદ વિરોધી ફ્રેમવર્કની કાર્યકારી સમિતિના ડિરેક્ટર રુસલાન મિર્ઝાવ પણ આ કાર્યક્રમમાં હાજર હતા.

બેઠકમાં બહુપક્ષીય સહયોગના કાર્ય અને એસસીઓના વધુ વિકાસની સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ઉઝબેકિસ્તાનના પ્રમુખપદ દરમિયાન સંયુક્ત કાર્યના પરિણામો અને સપ્ટેમ્બર ૨૦૨૨માં ઉઝબેકિસ્તાનમાં યોજાનારી સમિટના એજન્ડા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. વિદેશ મંત્રીઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ. દિવસની શરૂઆતમાં, કેન્દ્રીય પ્રધાને જીર્ઝ સમિટની બાજુમાં કઝાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ બાબતોના પ્રધાન મુખ્તાર તલેબર્દી સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી.

# પંજાબમાં ઈમ્પ્રૂવમેન્ટના પૂર્વ ચેરમેન સહિત ૫ ઉપર ભ્રષ્ટ્રાચારનો કેસ

લુધિયાણા,તા.૨૯

પંજાબના લુધિયાણામાં ભ્રષ્ટાચારની ફરિયાદો મળતા માન સરકારે પગલાં લીધા. અહીં આજે ઈમ્પ્રૂવમેન્ટના પૂર્વ ચેરમેન સામે કાર્યવાહી કરવામાં આવી છે. વિજિલન્સ દ્વારા લુધિયાણા ઈમ્પ્રૂવમેન્ટ ટ્રસ્ટમાં થયેલા કૌભાંડોની તપાસ વચ્ચે ટ્રસ્ટના પૂર્વ ચેરમેન અને ઈ.ઓ. સીએમ સામે ફરિયાદ માન સુધી પહોંચી હતી જેના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ પૂર્વ અધ્યક્ષ સહિત ૫ લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભગવંત માનની આગેવાની હેઠળની પંજાબ સરકારની ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નીતિને ધ્યાનમાં રાખીને પંજાબ વિજિલન્સ બ્યુરોએ ગુરુવારે લુધિયાણા ઈમ્પ્રૂવમેન્ટ ટ્રસ્ટ (એલઆઈટી)ના ભૂતપૂર્વ અધ્યક્ષ રમણ બાલાસુબ્રમણિયમની સાથે એક્ઝિક્યુટિવ ઓફિસર કુલજીત કૌર, એસ.ડી.ઓ. અંકિત નારંગ નામના ગુનેગારની ધરપકડ કરી.

આ સંદર્ભમાં માહિતી આપતા રાજ્ય વિજિલન્સ બ્યુરોના પ્રવક્તાએ જણાવ્યુ હતુ કે બ્યુરોએ એલઆઈટીના જુનિયર આસિસ્ટન્ટ હરમીત સિંહ અને એક્ઝિક્યુટિવ ઓફિસર કુલજીત કૌર ૧૪ જુલાઈના રોજ લાંચના કેસમાં ૧૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગે હાથે ઝડપાઈ ગયા હતા. આ સંદર્ભે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૭, ૭-એ અને ૧૨૦-બી આઈ.પી.સી. પોલીસની તકેદારી હેઠળ લુધિયાણામાં એફ.આઈ.આર. નંબર ૮ તારીખ ૧૪.૦૭.૨૦૨૨ પહેલાથી જ નોંધાયેલ છે.

આ બાબતે ફરિયાદી સંત શમશેરસિંહ જાગેડા મુખ્યમંત્રી માનને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. ફરિયાદીએ જણાવ્યુ હતુ કે ૧૯૯૯માં તેણે ૨૮૭નો પ્લોટ ફાળવ્યો હતો. જેના માટે તેણે તેના અંગત ખાતામાંથી ૧ લાખ ૪૩ હજાર ૧૪૨ રૂપિયા આપ્યા હતા.

# સ્મૃતિ ઈરાનીની અરજી પર કોંગ્રેસના 3 નેતાઓને હાઇકોર્ટનું સમન

નવીદિલ્હી,તા.૨૯

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની તરફથી દાખલ થયેલા બદનક્ષી મામલે સુનાવણી કરતા દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતા જયરામ રમેશ, પવન ખેડા અને નેટ્ટા ડિસૂઝાને સમન પાઠવ્યું છે. સ્મૃતિ ઈરાનીએ તેમના પુત્રી વિરુદ્ધ આ જયરામ રમેશ, પવન ખેડા દ્વારા લગાવવામાં આવેલા આરોપોના પગલે દિલ્હી હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતાઓને ૨૪ કલાકની અંદર સોશિયલ મીડિયા પરની પોતાની ટિપ્પણીઓ હટાવવા કહ્યું છે અને જો તેઓ ન હટાવે તો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ આ ટિપ્પણીઓ હટાવે એમ જણાવ્યું છે. સ્મૃતિ ઈરાનીએ માનહાનિનો આરોપ લગાવતા ૨ કરોડના વળતરની પણ માંગણી કરી છે. કોંગ્રેસે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના દીકરી પર ગોવામાં ગેરકાયદેસર બાર ચલાવવાનો આરોપ લગાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર



મોદીને ઈરાનીને તત્કાળ મંત્રીમંડળમાંથી હટાવવાની માંગણી કરી હતી. ત્યારબાદ સ્મૃતિ ઈરાનીએ આ કાર્યવાહી કરી.

આ મામલે જસ્ટિસ મિની પુષ્કરણાએ કહ્યું કે પ્રથમ દ્રષ્ટિએ મને લાગે છે કે તથ્યોની તપાસ કર્યા વગર (સ્મૃતિ ઈરાની અને તેમના પુત્રી વિરુદ્ધ) આ આરોપ લગાવવામાં આવ્યા છે. જેનાથી ફરિયાદકર્તાની પ્રતિષ્ઠાને ખરેખર નુકસાન થયું છે. આથી કોર્ટ ટ્વિટર, યુટ્યૂબ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, પર ઉપલબ્ધ પ્રેસ કોન્ફરન્સમાં લગાવવામાં આવેલા આરોપોને તરત હટાવવાના નિર્દેશ આપે છે.

કોર્ટે સમન પાઠવ્યા બાદ કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે ‘તેઓ તથા આ મામલે સામેલ અન્ય કોંગ્રેસ નેતાઓ કોર્ટ સામે તમામ તથ્યો રજૂ કરશે અને કેન્દ્રીય મંત્રી દ્વારા આ મામલાને ભટકાવવાનો પ્રયત્ન નિષ્ફળ બનાવશે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે દિલ્હી હાઈકોર્ટે નોટસિ પાઠવીને અમને કહ્યું છે કે સ્મૃતિ ઈરાની તરફથી દાખલ અરજી પર અમે ઔપચારિક રીતે જવાબ આપીએ.

# સરકારે યુક્રેનથી પરત ફરેલા મેડિકલ વિદ્યાર્થીઓને ફોરેન મેડિકલ ગ્રેજ્યુએશન પરીક્ષામાં બેસવાની મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૨૯

રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન ભારત પરત ફરેલા ૨૦,૦૦૦ મેડિકલ વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને કેન્દ્ર સરકારે આજે મોટી જાહેરાત કરી છે. સરકારે યુક્રેનથી પરત ફરેલા મેડિકલ વિદ્યાર્થીઓને ફોરેન મેડિકલ ગ્રેજ્યુએશન પરીક્ષામાં બેસવાની મંજૂરી આપી છે.વિદેશ મંત્રાલય તરફથી મળેલી માહિતી મુજબ લગભગ ૨૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનથી પરત ફર્યા છે. જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા નેશનલ મેડિકલ કમિશને નિયમોનો હવાલો આપીને એવા વિદ્યાર્થીઓને રાહત આપવાનો ઈક્રાર કરી દીધો હતો. જેમણે પોતાનો જીવ બચાવવા પોતાની કારકિર્દી દાવ પર લગાવી દીધી હતી.જણાવી દઈએ કે, ગઈકાલે ૨૮ જુલાઈના રોજ નેશનલ મેડિકલ કમિશને સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે મેડિકલના અંતિમ વર્ષના તે વિદ્યાર્થીઓ, જેઓ કોવિડ અને રુસો-યુક્રેન યુદ્ધને કારણે ભારત પરત ફર્યા છે અને જેમને સૂચિત કરવામાં આવ્યા છે, તેમને મંજૂરી આપવામાં આવશે. એફએમજી પરીક્ષામાં હાજરી આપો. તારીખે ડિગ્રી પ્રાપ્ત થઈ. નેશનલ મેડિકલ કમિશનએ ૨૩ જૂનના રોજ એક એફિડેવિટમાં જણાવ્યું હતું કે, ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ પરીક્ષા પાસ કરવા પર, આવા વિદેશી મેડિકલ સ્નાતકોએ ફરજિયાત રોટેટિંગ મેડિકલ ઈન્ટર્નશિપમાંથી બે વર્ષ પસાર કરવાની જરૂર પડશે. વર્તમાન એક વર્ષનો ધોરણ રહેશે.કમિશને કહ્યું કે, વિદેશી મેડિકલ સ્નાતકો બે વર્ષ માટે ઝઈસૈં પૂર્ણ કર્યા પછી જ નોંધણી માટે પાત્ર બનશે. એનએમસી એફિડેવિટ જણાવે છે કે ક્લિનિકલ ટ્રેનિંગ માટે ઈન્ટર્નશિપની અવધિ બમણી કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે ૨૯ એપ્રિલે કમિશનને રૂસો-યુક્રેન યુદ્ધ અને રોગચાળાથી પ્રભાવિત એમબીબીએસ વિદ્યાર્થીઓને એક સમયના પગલાં તરીકે અહીંની મેડિકલ કોલેજોમાં તેમની ક્લિનિકલ તાલીમ પૂર્ણ કરવાની મંજૂરી આપવા માટે બે મહિનામાં એક યોજના તૈયાર કરવા જણાવ્યું હતું.

એનએમસીએ એફિડેવિટમાં જણાવ્યું હતું કે, ૨૯ એપ્રિલના નિર્ણય પછી, તેના બોર્ડ ઓફ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનએ તેની વિવિધ બેઠકોમાં વિદેશી મેડિકલ ગ્રેજ્યુએટ્સને લગતા મુદ્દા પર ચર્ચા કરી.

# દિગ્વિજયે પોલીસ અધિકારીને કોલર પકડીને ધક્કો માર્યો, સીએમ શિવરાજ ગુસ્સે થયા

ભોપાલ,તા.૨૯

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહ પર જોરદાર હુમલો કર્યો છે. શિવરાજે રાજધાની ભોપાલના જિલ્લા પંચાયત કાર્યાલયની બહાર પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ અને પોલીસકર્મીઓ વચ્ચે થયેલી ઝપાઝપીનું વર્ણન કર્યું છે.

પોલીસ અધિકારીનો કોલર પકડીને કલેક્ટર કચેરીના ગેટને ધક્કો મારીને તોડવાનો પ્રયાસ કરી રહી છે. લોકશાહીમાં જીત અને હાર તો ચાલે છે, પણ પોલીસ અધિકારીનો કોલર પકડવાનો અધિકાર તમને કોણે આપ્યો છે?‘

શિવરાજે વધુમાં કહ્યું કે મને આશ્ચર્ય થાય છે કે દસ વર્ષ સુધી મુખ્યમંત્રી રહ્યા પછી એક વ્યક્તિ આવી પ્રતિક્રિયા આપે છે! આ કોંગ્રેસની નારાજગીનું પ્રતિક છે. તેણે કહ્યું, ‘જમીન સરકી ગઈ હોય તો ગાળો, કોલર પકડો, હું તેની સખત નિંદા કરું છું.‘તમને જણાવી દઈએ કે રાજધાની ભોપાલ સહિત ઘણા જિલ્લાઓમાં જિલ્લા પંચાયત પ્રમુખની ચૂંટણી ચાલી રહી છે. આ ચૂંટણી બંને પક્ષો માટે વિશ્વસનીયતાનો પ્રશ્ન બની રહી છે. આ ચૂંટણી દરમિયાન ભોપાલમાં જિલ્લા પંચાયત કચેરીના કોંગ્રેસીઓએ હોબાળો મચાવ્યો હતો. આ હંગામામાં દિગ્વિજય સિંહ પણ સામેલ હતા. જ્યારે પોલીસે કોંગ્રેસીઓને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે દિગ્વિજયની પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન દિગ્વિજયે એક પોલીસ અધિકારીનો કોલર પણ પકડ્યો હતો. તેની તસવીર હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

## તંત્રી સ્થાનેથી...

### લઠ્ઠાકાંડ પર રાજકીય નેતાઓની રાજનીતિ કે સહાનુભૂતિ

ગુજરાતમાં બોટાદ, ભાવનગર અને અમદાવાદના ગામોમાં નકલી દારૂ કે આલ્કોહોલિક કેમિકલ પીવાના કારણે સર્જાયેલ હોનારત એટલે કે લઠ્ઠાકાંડ. આ લઠ્ઠાકાંડમાં ૪૨ જેટલા લોકોના મોત થયા છે જ્યારે ૧૧૪ જેટલા લોકો સારવાર હેઠળ છે. લઠ્ઠાકાંડની આ ઘટનાએ રાજ્યમાં હલચલ મચાવી દીધી છે. રાજ્ય સરકાર બચાવમા આવી ગઈ છે, એક બાદ એક એક્શન લઈને ડેમેજ કંટ્રોલ કરવા પ્રયાસ કરી રહી છે. તો, વિપક્ષી દળો માટે રાજકીય જમીન બનાવવાનું પ્લેટફોર્મ મળી ગયું છે. રાજયમાં લઠ્ઠાકાંડની ઘટના નવી નથી. દારૂબંધીના દંભમાં રહેતા ગુજરાતની અસલી વાસ્તવિકતા છેકે, દારૂ મુક્ત રાજ્યોની સરખામણીમાં સૌથી વધુ દારૂ ગુજરાતમાં ઠલવાય છે, અને વેચાય છે. બસ, દારૂબંધીના નામે ઉપરથી નીચે સુધી મોટા તોડપાણી થાય છે અને જે સસ્તી કિંમતના દારૂને મોઘા ભાવે વેચવો સરળ બને છે.

રાજકીય પક્ષોના ઉમેદવારો ચૂંટણી ટાણે મત લેવા માટે આ લોકોને જ મફતમાં દારૂની મહેફીલો કરાવીને દારૂ ઢીંચવાની લત લગાવતાં હોય છે. છાશવારે આવતી ચૂંટણીમાં આ રાજકીય નેતાઓ જ મોટા પ્રમાણમાં દારૂ પીવડાવી મત મેળવતાં હોય છે, કેટલાક તો પરમીટ ધારક હોય છે, સાંજે બે પૅક લગાવ્યા સિવાય ખાવા પણ પચાવી શકતાં નથી. આ રીઢા રાજકારણીઓ પણ લઠ્ઠાકાંડમાં રાજનીતિ ચમકાવવા માટે ખોટી સહાનુભૂતિ દર્શાવવા ઉતરી પડતાં હોય છે. છદ્ભંજ હ્વઅ રાજ્યમાં આ ઘટના પ્રથમ વખત નથી. અગાઉ પણ અનેક વખત લઠ્ઠાકાંડની હોનારત સર્જાઈ ચુકી છે. બસ તપાસ થાય, કેટલાક પોલીસ કર્મીઓ પર ઉચ્ચ અધિકારીઓ ફરજ મોકૂફી કે બદલી કરવાનાં પગલાં ભરે અને બે ચાર લોકોની ધરપકડ થાય. આ રીતે સમગ્ર ઘટનાનું ફીંડલું વાળી દેવામાં આવે. આથી વિશેષ. ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ન બને તે માટે ન તો કોઈ પગલાં લેવાય છે, ન કોઈ આયોજન કરવામાં આવે છે કે તંત્ર આવી ઘટનાઓ લોકો ભુલી જાય તેવા જ પ્રયાસમાં લાગી જાય છે. જો રાજ્યમાં દારૂબંધીનું સઘન પાલન કરવું ટેક્નિકલી શક્ય નથી તો, સરકારે આ પોલીસી પર પુનર્વિચાર કરી તેમાં કડક નિયમો સાથે છુટછાટ કરવી જોઈએ યા તો, તેને સઘનતાથી લાગુ કરવા સક્રિય સેલ બનાવી નાર્કોટિક્સ બ્યૂરોની માફક ગુજરાતના પ્રોહિબિશન એક્ટને મજબુત કરવો જોઈએ. આ લઠ્ઠાકાંડ માટે માત્ર તંત્ર જ જવાબદાર નથી, આપણો સમાજ એટલો જ જવાબદાર છે જેટલું તંત્ર છે. દારૂનું પરમિટ વિના વેચાણ થાય ત્યાના આજુબાજુના લોકો પણ એટલા જ જવાબદાર છે. જ્યાં સુધી આપણે ×મારે શું?×ની ભાવના નહી ત્યજીએ ત્યાં સુધી આવી ઘટનાઓ બનતી રહેશે. જનતાએ પણ આવા દુષણો સામે અવાજ ઉઠાવવો જોઈએ, કેમ કે એક સ્વચ્છ સમાજ સ્થાપિત કરવાની જવાબદારી માત્ર સરકારની નથી હોતી.

# નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન-૨

**સંત નિરંકારી મિશનના વડા સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ જ્ઞાન પ્રાપ્તિ માટે પાંચ પ્રતિજ્ઞાને આધારભૂત સમજાવે છે.**

(૧)તન મન ધનનું અભિમાન ન રાખવું..માનવશરીર એ પ્રભુ દ્વારા આપવામાં આવેલ મોટામાં મોટો ઉપહાર છે એટલે આ દેહને પ્રભુની અમાનત અને પારકો માલ સમજીને તેનો પ્રયોગ કરવો જોઈએ એટલે કે દેહમાં પણ આત્મભાવ ના કરવો.મનથી જ અહંકાર અને અહંકારથી જ નાના પ્રકારનાં દુઃખ પેદા થાય છે કારણ કે મન જેને મારૂં મારૂં કહે છે તે ક્યારેય પોતાનું હોતું નથી અને જે પોતાનું છે તેની ખબર નથી ! ચલ-અચલ સંપત્તિ અને પરીવાર..વગેરે જે કંઇ દ્રશ્યમાન સાકાર વસ્તુઓ છે તે તમામ છાયાની જેમ અસત્ય અને જૂઠી (અસ્તિત્વહીન) છે.પ્રભુની આપેલ આ વસ્તુઓનો પ્રભુની આજ્ઞાથી પ્રભુના માટે સમર્પિત ભાવથી ભોગવીશું તો અહંકારનો રોગ દૂર થશે તથા આનંદનો અનુભવ થશે.આ તન મન ધન અને તેનાથી પેદા થયેલ તમામ સબંધ જેના છે, નિર્વિવાદરૂપે તેને પ્રભુના સમજીને પોતાના હ્રદયમાં એવી ધારણા કરવાની છે કે તન મન ધન વગેરે જેને અહંકારવશ મારૂં પોતાનું સમજી બેઠો છું,જે મારાં નથી પરંતુ પ્રભુ પરમાત્માનાં છે.તન મન ધનમાં પોતાપણાનો ત્યાગ કરવાથી અહંકાર ઓછો થતાં વિનમ્રતા આવે છે જેનાથી જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે.

(૨)જાતિ-વર્ણનું અભિમાન ન રાખવું..તમામ જીવ નર અને માદા જયારે એક જ જયોતિ (બ્રહ્મ)થી બનેલાં છે અને એક જ તેમનો નિર્માતા છે,તમામની દેહ એક સરખી જ છે તો પછી વિભિન્ન જાતિ-પાંતિનો ભેદ તથા બ્રાહ્મણ ક્ષત્રિય શૂદ્ર વૈશ્યના ચારો વર્ણ તથા લોકાચારનો વિવાદ કેમ ઉભો થાય છે? તમામ જાતિઓની જેમ તથાકથિત ધર્મ અને સંપ્રદાયો પણ જ્યારે એક જ પ્રભુનાં સંતાન છે તો તેને માનવ સમજીને સમાનરૂપથી પ્રેમ કરવો જોઈએ.કોઇ સારો કે ખરાબ નથી.જયારે ગંદુ પાણી ગંગામાં ભળીને પવિત્ર ગંગાજળ બની જાય છે તો પરમ પવિત્ર પ્રભુનાં રૂપ માનવ ખરાબ કેવી રીતે હોઈ શકે? તમામને એક સમાન સમજી મનમાંના જાત પાંતના અહંકારને સમાપ્ત કરી પ્રતિજ્ઞા કરવાની છે કે ક્યારેય જાત-પાંત વર્ણના આધારે ક્યારેય કોઈને નાનો મોટો નહી માનું.

વૈદિક સાહિત્યના આધ્યાત્મિક પ્રસંગમાં પણ તમામ વર્ણોમાં સમદ્દષ્ટિ રાખવાનો આદેશ છે.જ્યાં બ્રાહ્મણ અને ચાંડાલ,ગાય અને કૂતરામાં પણ કોઇ ફરક જોવામાં આવતો નથી.×વિદ્યા વિનય સંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ, શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ(ગીતાઃ૫/૧૮)× એટલે કે કોઇ નાનો કે મોટો નથી. તમામ એક ઈશ્વરનાં જ સંતાન છે,ભાઇ ભાઇ છે.બધા મળીને સફળતા માટે આગળ વધો.

(૩)દેશ કાળ બદલાવવાથી ધરતી પર અલગ અલગ ૠતુઓનું પરીવર્તન દેખાય છે અને તે અનુસાર લોકોનાં ખાનપાન..પહેરવેશ અલગ અલગ હોય છે એટલે અન્યના ખાવા પીવા પહેરવેશ અલગ અલગ હોય છે એટલે અન્યના ખાવા પીવા પહેરવેશની આલોચના કરવી જોઈએ નહી કારણ કે પરમાત્મા તરફથી આ વિષયમાં કોઇ આદેશ કરવામાં આવેલ નથી કે કોઇ નિષેધ કરવામાં આવેલ નથી.ખાવું પીવું અને વસ્ત્ર પહેરવાં એ દેહના ધર્મ છે તેમાં નિર્લિપ્ત આત્માનો કોઇ સબંધ નથી.જેમ દેહના ધર્મ જન્મ-મરણ, શૈશવ યૌવન વૃદ્ધાવસ્થા વગેરેનો આત્મા સાથે કોઇ જ સબંધ નથી તેવી જ રીતે ખાવા પીવા પહેરવેશ વગેરે શરીરના બાહ્ય ધર્મો સાથે આત્માને સબંધ નથી.તમોને જે રૂચિકર લાગે તે ખાવો પીવો અને પહેરો પરંતુ બીજાઓની આલોચના કરીને શા માટે વૃથા વાદ-વિવાદ ઉભો કરો છો? હરિ મિલન રૂપ મુક્તિ તો અહંકારનો ત્યાગ કરવાથી મળે છે.

(૪) હે માનવ ! પરમાત્માનું જ્ઞાન અને ભક્તિ પ્રાપ્?ત કરવા માટે પોતાનું ઘર છોડવાની, ઘેર ઘેર ભિક્ષા માંગવાની, ગૃહસ્થ ધર્મનો પરીત્યાગ કરવાની અને ભગવાં વસ્ત્ર ધારણ કરવાની આવશ્યકતા જ નથી.કપડાં રંગી અહી તહી ભીખ માંગવાથી મુસીબતો વધશે જેના કારણે હરિ ભજન ઉપર કઠિનતર થઇ જશે.આમ બીજા ઉપર અથવા સમાજ ઉપર ક્યારેય ભારરૂપ બનવું નહી.

પ્રાચિન અને અર્વાચિન ભારતીય સંસ્કૃતિમાં ક્યાંય ગૃહસ્થ ત્યાગ કરી સમાજ પર ભારરૂપ બનવું તેવું વર્ણન નથી એટલે કે માનવ કર્મ કરતાં કરતાં જ ૧૦૦ વર્ષ પૂર્ણાયુ સુધી જીવવાની ઈચ્છા કરવી જોઈએ તેના સિવાય કોઇ શ્રેષ્ઠ માર્ગ નથી.

માનવ ત્યાગભાવથી કર્મમાં લિપ્ત થતો નથી.ગોસ્વામી તુલસીદાસજીના મત અનુસાર ભગવાનની ભક્તિમાં આસક્તિ જ બાધક છે ગૃહસ્થ નહિ.ગૃહસ્થ ત્યાગ કરીને બાહરથી સાધુનો વેશ બનાવીને મનમાં ભોગોનું ચિંતન કરનારાઓને ગીતા(૩/૬) મિથ્યાચારી,પાખંડી કહ્યા છે.ભગવાન રામ,જનક,સપ્ત ૠષિ વગેરે તમામ ગૃહસ્થી હતા.

(૫)સદગુરૂ દ્વારા પ્રદાન કરેલ જ્ઞાનને તેમની સ્વીકૃતિ વિના ખોલવું નહી,પોતાને જ્ઞાની હોવાના અહમથી બચાવવા.. કોઈપણ વ્યક્તિ સોનીનો એક દિવસ સંગ કરી લેવાથી ઘરેણાં બનાવી શકતો નથી. વિદ્યાર્થી ગમે તેવો તેજસ્વી હોય, મોનીટર હોય પરંતુ તે પોતાને શિક્ષક કહેવડાવી શકતો નથી કારણ કે જે પોતે વિદ્યાર્થી છે તે અન્યને શું શિખવાડી શકવાનો હતો? હા..પૂર્ણરૂપથી વિદ્યામાં નિપૂણ થઈને તે અન્યને કંઈક શિખવાડી શકે છે એટલે જયારે ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ જિજ્ઞાસુની સમક્ષ બ્રહ્મનું રહસ્ય ખોલે છે તેમાંથી મનને ક્યારેય હટાવવાનું નથી,બ્રહ્મનિષ્ઠ રહેવાનું છે અને ગુરૂ આજ્ઞા વિના બ્રહ્મવિદ્યાનું રહસ્ય અન્યની સમક્ષ ખોલવાનું નથી. આનાં ત્રણ પ્રયોજન છેઃઅનાધિકારી ગુરૂ દ્વારા જ્ઞાન આપવામાં ના આવવું જોઈએ..અનાધિકારી શિષ્યને બ્રહ્મજ્ઞાન જેવી પવિત્ર વિદ્યા ના મળે કારણ કે તેનાથી સમાજની હાની થવાનો ભય છે.અધિકારી ગુરૂ(પરમગુરૂ) જ સમજી શકે છે કે કોનામાં પરાવિદ્યા પ્રાપ્ત કરવાની પાત્રતા છે, અધિકાર છે.

વેદના ચાર મહામંત્રોનો આદેશ આપનાર પણ કારણગુરૂ કહેવાય છે અને તેનાથી શ્રેષ્ઠ ગુરૂ તો પરમગુરૂ (સદગુરૂ) હોય છે જે અહંકાર શૂન્ય અને બ્રહ્મનિષ્ઠ હોય છે, તે જ મુક્તિદાતા હોય છે.ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીને કોઇ પૂર્ણ જ્ઞાનવાન બની શકતો નથી કારણ કે બ્રહ્મજ્ઞાનનાં ત્રણ સોપાન છે.બ્રહ્મ તત્વને જાણવું,તેને જીવનમાં ઉતારવું અને બ્રહ્મરૂપ બની જવું.આ ત્રીજી અવસ્થા જ જીવન મુક્તિની અવસ્થા છે.

શ્રીમદ ભગવદ ગીતા(૧૮/૬૭)માં કહ્યું છે કે હે અર્જુન ! કોઈપણ કાળમાં આ જ્ઞાન જે તપ રહીત હોય, ભક્તિ રહિત હોય, સાંભળવાની ઈચ્છા ના હોય, જે મારામાં દોષદૃષ્ટિ રાખતો હોય, નાસ્તિક અને ગુરૂને સાધારણ મનુષ્ય માનનારાની સમક્ષ આ બ્રહ્મવિદ્યા ક્યારેય ના કહેવી જોઈએ.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા, જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## આપણે ત્યાં એક ડોલરના એંસી રૂપિયા થયા તેમાં શું કાખલી કૂટો છો? પાકિસ્તાનમાં એક ડોલરના બસો સિતેર પાક રૂપિયા છે!!

" રાજુ તમારે કોઈ એજન્ડા નથી?" આજે મેં ઉલ્ટી ગંગા વહેવડાવી. હુ રાજુ રદીના ઘરે પહોંચી ગયો. મને જોઇને હકકોબકકો થઇ ગયો.

" તતમે તતમે? રાજુ રદી થોથવાઈ ગયો. માનો કે સાપ સુંઘી ગયો ન હોય!

" હા, હું .?બોલ કોઈ વાંધો છે?" મેં આકરા તેવર બતાવ્યા!

" બોલો ચા લેશો કે કોલ્ડ ડ્રિંક?"મને પૂછયું .

"એ બધા મલાવા રહેવા દે. મારા સવાલને જવાબ દે!" મેં સખ્તી દર્શાવી .

શેનો જવાબ ને શેનો સવાલ?" રાજુ નામક્કર બની છેલ્લા પાટલે બેસ્યો.

" આ તિસ્તા શેતલવાડ અને મેધા પાટકરના રવાડે ચડી ભાવ વધારાની કાગારોળ કરો છો? મોંઘવારીની મધર મેરી કરો છો?"મેં રાજુને પાણીથી પાતળો કરી નાંખ્યો.

" ગિરધરભાઈ. તમારે ઘરે વડીલો દલ્લો મુકી ગયા છે? તમને ટમેટા એકસો વીસ કિલો થાય તો મોંઘવારીની આંચ નડતી નહીં હોય!!" રાજુને બહુપાંખિયો હુમલો કર્યો.

" રાજુ . વેનેઝુએલામાં ૫ ટામેટાંનો ભાવ ૫૦ લાખ બોલિવર (વેનેઝુએલાની કરન્સી) પહોંચ્યો હતો.પાકિસ્તાનમાં ટમેટા બસો રુપિયે થયેલા. શ્રીલકાની વાત જ ન કરીશ" મેં રાજુને આયનો દેખાડ્યો.

" ગિરધરભાઇ.ઘરેલું ગેસનો બાટલો બારસોએ અને કોમર્શિયલ ગેસનો બાટલો અઢી હજારે મળે છે. સરકાર હાથ પર હાથ ધરી બેઠી છે!" રાજુએ રંગ દેખાડ્યો.

"રાજુ.પાકિસ્તાનમાં રસોઈ ગેસની કિંમતના કારણે લોકો બેહાલ છે. દેશમાં ઘરેલુ સિલિન્ડરની કિંમત ૨૫૬૦ રૂપિયા પહોંચી ગઈ છે. જયારે કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૯,૮૪૭ રૂપિયાએ પહોંચી છે.

ફરી એકવાર સરકારનો બચાવ કર્યો!!

" ગિરધરભાઇ . આપણા વિપક્ષો નમાલા છે. કશું કરતા નથી!રાજુએ ઇન્ડિયા ગેટ જેટલો નિસાસો નાંખ્યો.

" બેટમજી આપણે પેટ્રોલ ડિઝલના ભાવ સોની સપાટીએ પહોંચે કે કાગારોળ કરીએ છીએ. પાક્સ્તાનમાં પેટ્રોલ ૧૮૦ અને ડિઝલ ૧૭૪ રૂપિયે લિટર મળે છે. કેરોસીનના પ્રતિ લિટર રૂપિયા ૧૫૫ છે.સીરિયામાં સબ્સિડી વગરના ૯૦ ઓક્ટન ગૈસોલિન ૨૫૦૦ સીરિયન પાઉન્ડ પર છે. દેશમાં મોંઘવારીની સ્થિતિ એ છે કે ગત વર્ષે સીરિયાએ પાંચ હજાર સીરિયાઈ પાઉન્ડની નોટ જારી કરવી પડી હતી. શ્રીલંકન બ્રેકફાસ્ટ ઈન્ડેક્સ પર માપવામાં આવ્યો હતો. અહીં દરેક વસ્તુ ૩૩-૫૪% મોંઘી થઈ ગઈ છે. જેમ કે – ચિકન કરી કોમ્બો – રૂ. ૯૬૯, બાફેલા ઈંડાનો કોમ્બો – રૂ. ૫૧૫ અને ટીન કરેલ ફિશ કોમ્બો – રૂ. ૮૬૬ થયો છે!! પાકિસ્તાનમાં દૂધની કિંમત ૧૫૦ રૂપિયા પ્રતિ લીટરે પહોંચી છે. પાકિસ્તાનમાં ખાંડની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો પહોંચી છે. બીજી તરફ ઘઉંની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલોથી વધી ૭૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી છે. આટલું જ નહીં મટન, ચિકન, દાળ અને અન્ય વસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. પાકિસ્તાનમાં દૂધની કિંમત ૧૫૦ રૂપિયા પ્રતિ લીટરે પહોંચી છે.

પાકિસ્તાનમાં ખાંડની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો પહોંચી છે. બીજી તરફ ઘઉંની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલોથી વધી ૭૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી છે. આટલું જ નહીં મટન, ચિકન, દાળ અને અન્ય વસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. "મેં રાજુને બેહાલી જણાવી.

" ગિરધરભાઇ. છેલ્લા ૭૫ વરસમાં ન બનેલી ઘટના બની છે. અમેરિકન ડોલર સામે રૂપિયો સાબુ, સોડા, પાવડર, પાણી વિના વગર ધોકાએ ધોબીપછાડ ધોવાયો છે. આઝાદી સમયે એક ડોલર બરાબર એક રૂપિયો હતો. આજે રૂપિયો હિન્દી ફિલ્મના વિલનના જેમ અમેરિકન ડોલર જેવા હીરોના હાથે ધોવાઈને એસીની સપાટીએ પહોંચ્યો કે વિપક્ષો ગેલમાં આવી ગયા. મનની વાત કે વિકાસની વાતે ગાડા ભરાય નહીં. આ રીતે પાંચ ટ્રિલિયન ટ્રિલિયન ઈકોનોમી કે વિશ્વગુરૂ બની શકાય નહી!!" રાજુએ મોકે પે ચોકો માર્યો.

"રાજુ. આપણા દેશમાં જ ડોલર સામે રૂપિયો આઈસીયુ કે નાભિશ્વાસ પર છે એવું નથી. ઝિમ્બાબ્વેના ચલણની ડોલર સામે અવદશા થતા હવે સોનાના સિક્કા બહાર પાડવા પડયા છે!! પાકિસ્તાનમાં એક ડોલર સામે ૨૭૦ પાકિસ્તાની રૂપિયા થયા છે. ત્યાની પ્રજા ચૂંકેચા કરતી નથી તો તમને શેના ઝાટકા વાગે છે? અમદાવાદ જવાની ઔકાત નથી અને અમેરિકાની ફલાઈટ પકડવાની હોય તેવો કકળાટ કરે છે. "મેં રાજુને ધધડાવી નાંખ્યો!!

કહે છે કે ઊંટનું મો મારવાડ ભણી રહે. દરેક મસ્જિદમાં મક્કાની દિશા દર્શાવતો મહેરાબ હોય છે. તેમ દરેક સમસ્યા માટે પાકિસ્તાનને જ જવાબદાર માનવાનું!!!હરખ હવે તું હિન્દુસ્તાની!!!!!!

ભરત વૈષ્ણવ
૨૯.૭.૨૦૨૨.

## નથી

**ટીપાય તેટલો ટીપી લીધો,**
**હું માણસ છું ,મુદો નથી.**
**તમામ પાસાથી જોઈ લો,**
**તમારા જેવો છું ,જુદો નથી.**
**કાચો પત્ર પાકો ન થયો ,**
**હું કાગળ છું ,મુસદો નથી.**
**રણમાં હોડીઓ ચલાવી છે,**
**હું મૃગજળ છું,નાખુદો નથી.**
**ઝીરો ફિગર કંઈ બલા છે?**
**હું સ્લીમ છું ,હું ભદ્દો નથી**
**ભરત વૈષ્ણવ**

### સુરતથી શારજાહ જઈ રહેલા મુસાફર પાસેથી ૬.૪૫ કરોડના હીરા, ૧૦.૬૨ લાખનું સોનું ઝડપાયા

સુરત,તા.૨૯

સુરત એરપોર્ટ ઉપર કસ્ટમ વિભાગ દ્વારા અજાણ્યા ઈસમ પાસેથી ૬.૪૫ કરોડ ના હીરા અને ૧૦.૬૨ લાખ નું સોનુ પકડી પાડવામાં આવ્યું હતું.આ અંગે ઈસમ દ્વારા કોઈ પણ યોગ્ય દસ્તાવેજ કે અન્ય પુરાવા રજૂ નહીં કરવામાં આવતા અયોગ્ય રીતે નિકાસ કરવાનો પ્રયાસ કરાયેલ વિદેશી ચલણ અને હીરા જપ્ત કરવામાં આવ્યા હતા.અને આજે આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

આ અંગે માહિતી આપતા એડિશનલ કમિશ્નર ઓફ કસ્ટમ મનીષકુમારે કહ્યું કે×એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ દ્વારા શારજાહ જતી વખતે સુરતનો રહેવાસી, ૪૭ વર્ષનો એક પુરુષ આંતરરાષ્ટ્રીય મુસાફર, તેની શંકાસ્પદ હિલચાલના આધારે છેઁ દ્વારા તેને અટકાવવામાં આવ્યો હતો અને તેની શોધખોળ કરવામાં આવી હતી. તેની પાસે રૂ. ૨૭૬૩ કેરેટના હીરા સાથે મળી આવ્યા હતા. ૬.૪૫ કરોડ તેના સામાનમાં વેફર પેકેટની અંદર સંતાડવામાં આવ્યા હતા.

તે તેની હેન્ડ બેગમાં યુએસડી૫૦૦૦ લઈને જતો જોવા મળ્યો હતો. પેક્સ તેના દ્વારા લઈ જવામાં આવેલ ૫૦૦૦ યુએસડી સંબંધિત કોઈપણ માન્ય દસ્તાવેજો રજૂ કરી શક્યું નથી. તે કાનૂની નિકાસ અને હીરાની માલિકીનો પુરાવો આપતા દસ્તાવેજો પણ રજૂ કરી શક્યો ન હતો. તદનુસાર, અયોગ્ય રીતે નિકાસ કરવાનો પ્રયાસ કરાયેલ વિદેશી ચલણ અને હીરા જપ્ત કરવામાં આવ્યા છે. વધુ તપાસ ચાલુ છે.

## ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે રાજ્ય સરકારના મંત્રીઓ સાથે ચાય પે ચર્ચા કરી



લખનૌ,તા.૨૯

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બીજી વખત મુખ્યમંત્રી તરીકેની ઈનિંગ તો શરૂ કરી છે અને ૩ મહિના પુરા પણ થયા છે, પરંતુ આ વખતે નવી ટ્રાન્સફર પોલિસીની રચના બાદ મંત્રીઓ વચ્ચે જબરદસ્ત મતભેદો સર્જાયા હતા અને અધિકારીઓની બદલીને લઈને કેબિનેટ મંત્રીઓ અને રાજયકક્ષાના મંત્રીઓ વચ્ચે પણ વિવાદ થયો હતો. આવી સ્થિતિમાં યોગી સરકારની છબીને નુકસાન થઈ રહ્યું હતુ. સૂત્રોના કહેવા મુજબ આવી પરિસ્થિતિમાં કેન્દ્રના ઈશારે ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલે બધા મંત્રીઓને એક સાથે ચા પીવા માટે આંમંત્રણ આપ્યું હતું. આનો ઉદ્દેશ્ય સરકારમાં વધી રહેલા અસંતોષને ડામવાનો હતો. જો કે કોઇ રાજ્યપાલે મંત્રીમંડળને ચા માટે આમંત્રણ આપ્યું હોય તેવું પહેલીવાર બન્યું છે.

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે યુપીમાં નવી પરંપરા શરૂ કરી છે. રાજ્યપાલ આનંદીબેન પટેલે રાજ્ય સરકારના મંત્રીઓ સાથે ચાય પે ચર્ચા યોજી હતી. આ લાંબી બેઠક દરમિયાન તેમણે યોગી આદિત્યનાથ સરકારના બીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસમાં થયેલા વિકાસ કાર્યો વિશે પૂછપરછ કરી. રાજ્ય સરકારના પ્રવક્તાએ ગુરુવારે જણાવ્યું હતું કે રાજયપાલ પટેલે સાંજે સરકારના તમામ મંત્રીઓને ચા માટે આમંત્રણ આપ્યું હતું.

આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને તેમની કેબિનેટના તમામ સભ્યો સાથે વાતચીત કરી અને સરકારના ૧૦૦ દિવસના કામકાજ અંગે ચર્ચા કરી. તેમજ રાજ્યના અલગ-અલગ શહેરોમાં થયેલા તેમના અનુભવો વિશે પણ જણાવ્યું હતું. લગભગ ચાર કલાક ચાલેલી આ બેઠકમાં એક મંત્રી લખનૌમાં હાજર ન હોવાના કારણે હાજર રહી શક્યા ન હતા. તેમના સિવાય સરકારના અન્ય તમામ મંત્રીઓ આ બેઠકમાં સામેલ થયા હતા.

પ્રવક્તાએ કહ્યું કે તમામ મંત્રીઓએ એક પછી એક રાજ્યપાલને સરકારના પ્રથમ ૧૦૦ દિવસમાં પોતપોતાના વિભાગો દ્વારા કરવામાં આવેલા કામોની જાણકારી આપી. આ ઉપરાંત ભવિષ્યની યોજનાઓ અને તેમના સંબંધિત ક્ષેત્રના અનુભવો વિશે પણ માહિતી આપવામાં આવી હતી. પટેલે ક્ષય રોગ અને કેન્સરના નિયંત્રણ અને ગરીબો માટે શિક્ષણ સહિત વિવિધ મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી, જેના પર તે પોતે કામ કરી રહ્યા છે.

આ સાથે તેણે પોતાના અનુભવો પણ શેર કર્યા. પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના અનુભવોનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ કદાચ પ્રથમ વખત છે જ્યારે રાજ્ય સરકારના તમામ મંત્રીઓને રાજ્યપાલને વ્યક્તિગત રીતે એક મંચ પર મળવાની અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક મળી છે.

## ધાંગ્રધામાં બોરવેલમાં ખાબકેલી બાળકીને આર્મીના જવાનોએ હેમખેમ બહાર કાઢી

સુરેન્દ્રનગર,તા.૨૯

ધાંગધ્રા તાલુકાના ગાજરણાવાવ ગામ ખાતે બોરમાં બાળકી ખાબકેલી બાળકીને જીવતી બહાર કાઢવામાં આવી છે. આ બાળકી વોરવેલમાં ૪૦ ફૂટ ઉંડે ફસાઇ હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસના સ્થાનિક રહીશો તેમજ ૧૦૮ ટીમ દોડી આવી હતી. હાલમાં મામલતદાર સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. જોકે ફસાયેલી હોવાથી તંત્ર દ્વારા આર્મીની ટુકડીઓને પણ બોલાવવાની હતી. ધ્રાંગધ્રા આર્મીના જવાનોએ બાળકીને બચાવીએ બચાવી લીધી છે. બાળકી ખેતરે આવી હતી તે સમયે ટ્યૂબવેલ બોરમાં ખાબકતા પરિવાર જનોએ તંત્રની ટીમનો સંપર્ક સાધ્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર મનિષા નામની ૧૨ વર્ષીય બાળકી મામની વાડીમાં ૪૦ ફૂટ ઉંડે ખાબકી ગઇ હતી. તેને હાલમાં બાળકી બહાર કાઢી લેવામાં આવી છે. બાળકીને ઓક્સિજન આપવામાં આવ્યો હતો. ધ્રાંગધ્રાની આર્મીની રેસ્ક્યૂ ટીમે ઘટનાસ્થળે પહોંચી સમગ્ર મિશન પુરૂ પાડ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બે મહિના અગાઉ સુરેન્દ્રનગરના દુદાપુર ગામની સીમમમાં એક એક બાળક ૫૦૦ ફૂટ ઉંડા બોરમાં પડી ગયો હોવાની ઘટના સર્જાઇ હતી. ૪૦ મિનિટના રેસ્ક્યૂ બાદ આ બાળકને બચાવી લેવામાં આવ્યો હતો.

## રાષ્ટ્રપત્ની વિવાદ મુદ્દે બંને ગૃહ સોમવાર સુધી સ્થગિત

# સસ્પેન્ડેડ સાંસદોના ધરણા સમાપ્ત; ગાંધીજીની પ્રતિમા પાસે બેસીને સાંસદો ચિકન ખાઈ રહ્યા હતાઃ પ્રહલાદ જોશી

### સાંસદો ધરણાના નામે પાર્ટી કરી, સસ્પેન્ડેડ સાંસદોએ મચ્છરદાનીમાં સૂઈને રાત વીતાવી હતી.

નવીદિલ્હી,તા.૨૯

ભાજપે આજે રાષ્ટ્રપત્નીના નિવેદન પર સંસદના બંને ગૃહોમાં ભાજપે હોબાળો મચાવ્યો હતો. ભાજપના સાંસદો કોંગ્રેસ અધ્યક્ષ સોનિયાની માફી માંગવા પર મક્કમ રહ્યા હતા. તે પછી બંને ગૃહની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની રાષ્ટ્રપતિ મુર્મુ સાથે મુલાકાત કરી હતી.

દરમિયાન સંસદમાં હોબાળાને લઈને સસ્પેન્ડ કરાયેલા



૨૭ સાંસદોની ધરણાનો પણ શુક્રવારે અંત આવ્યો હતો. આ સાંસદો બુધવારથી ગાંધી પ્રતિમા સામે ધરણા કરી રહ્યા હતા. ધરણાના અંતે સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું- સાંસદો ધરણાના નામે પાર્ટી કરી રહ્યા હતા. તેઓ ગાંધીજીની પ્રતિમા પાસે બેસીને ચિકન ખાઈ રહ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'રાષ્ટ્રપત્ની' કહેતા નિવેદનને લઈને કોંગ્રેસ ઘેરાઈ ગઈ છે. પાર્ટીના નેતા અધીર રંજન ભલે પોતાના આ નિવેદનને ભૂલ ગણાવતા હોય, પરંતુ ભાજપ આ તક છોડવાના મૂડમાં નથી. તે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની માફી માંગવા બાબતે મક્કમ છે. શુક્રવારે સંસદની શરૂઆતમાં આને લઈને હોબાળો થયો હતો. બંને ગૃહની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.બીજી તરફ, સંસદ ભવન સંકુલમાં સસ્પેન્ડ કરાયેલા ૨૩ રાજ્યસભા અને ૪ લોકસભા સાંસદો ગુરુવારે રાત્રે પણ બેસી રહ્યા હતા. તમામ સાંસદો ગાંધી પ્રતિમાની સામે મચ્છરદાની લગાવીને રાતભર સૂતા હતા. ૫૦ કલાક લાંબા ધરણા શુક્રવારે બપોરે ૧ વાગ્યે સમાપ્ત થયા હતા. બુધવારથી ધરણા પર બેઠેલા સાંસદોએ મચ્છરને મુદ્દો બનાવીને સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે ટ્વીટ કર્યુ- સંસદ સંકુલમાં મચ્છરો છે, પરંતુ વિપક્ષના સાંસદો ડરતા નથી.

# યાદ તો આવે ને...

ગર્ભનાળથી સ્થાપિત થયેલો સંબંધ આપણો,
જીવનભર નિઃસ્વાર્થભાવે નિભાવી,
એ સતત માર્ગદર્શન આપનારીની,
યાદ તો આવે ને ....
પ્રસવપીડા અને કષ્ઠવેઠી આપણને ઉછેર્યા,
હાથ પકડી સુસંસ્કારનું સિંચન કર્યું,
એ ગુરુની ગરજ સારનારીની,
યાદ તો આવે ને....
જાતે ભૂખ્યાં રહીને આપણને જમાડયાં,
રાતે જાગીને સૂકે સુવડાવ્યાં,
એ કાંટાળી કેડી પર પુષ્પ પાથરનારીની,
યાદ તો આવે ને....
કડવાં ઘુંટ પોતાનાં પુરતાં સિમિત રાખી,
અમૃતપાન આપણને કરાવ્યાં,
એ લાગણીની હૂંફ આપનારીની,
યાદ તો આવે ને..
પડી આખડીને આવીએ જ્યારે,
વ્હાલથી ખમ્માઘણી કહેતી.
એ પાલવથી અશ્રું લુછનારીની,
યાદ તો આવે ને...
માતામાં હોય મા અન્નપૂર્ણાનો વાસ,
એની તોલે કોણ આવી શકે?
એ સ્વાદથી રસોઈઘર મહેકાવનારીની,
યાદ તો આવે ને....
ઘરે આવતાં મોડી પડી તો,
ક્યાં છે બેની? કહી ફોન કરતી,
એ બારીમાં કાગડોળે વાટલડી જોનારીની,
યાદ તો આવે ને...
આજે ભલે સાથે નથી મારી,
સાથે હોવાનો અહેસાસ હંમેશ છે,
એ આશીર્વાદની વર્ષા વરસાવનારીની,
યાદ તો આવે ને
'મા'નું માધુર્ય સંતાનનાં જીવનની અદ્વિતીય મૂડી છે,
'મા' મહેનત અને ક્ષમાની મૂર્તિ છે,
એ મારા જીવનની શ્રેષ્ઠ સખીની,
યાદ તો આવે ને....
જીજ્ઞા કપુરિયા 'નિયતી'
૨૩/૭/૨૦૨૨

# અમદાવાદ રીવરફ્રન્ટનું ડેવલેપમેન્ટ પોલીટીકલ વીલનું શ્રેષ્ઠ ઉદાહરણ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



અમદાવાદ,તા.૨૯

ગુજરાતમાં પ્રથમ વખત યોજાયેલ શહેરી વિકાસ રાષ્ટ્રીય કોક્લેવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવતા જણાવ્યું કે, શહેરી વિકાસ રાષ્ટ્રીય કોક્લેવ શહેરી સુખાકારીનો અમૃત કાળ સાબિત થશે. અમદાવાદ શહેરના રીવરફ્રંટ ખાતે યોજાયેલ આ કોક્લેવમાં મુખ્યમંત્રી એ સાબરમતી રીવરફ્રંટને વિશ્વ સ્તરીય માળખાગત સુવિધાનું શ્રેષ્ઠ નજરાણું ગણાવીને રીવરફ્રંટના ડેવલપમેન્ટને પોલોટીકલ વીલનું શ્રેષ્ઠ ઉદાહરણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, દેશને ૫ ટ્રીલીયન ઈકોનોમી બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનને સિદ્ધ કરવા શહેરી ઈકોનોમીનો વિકાસ અતિઆવશ્યક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પડકારોને તકોમાં પરિવર્તિત કરવાની શૈલી વિકસાવી છે. તેમણે ૨૦ વર્ષ પહેલા ગુજરાતના સાશનની ધુરા સંભાળી ત્યારે શહેરોની સુવિધાઓ મર્યાદિત હતી. નરેન્દ્ર મોદીના અથાગ પરિશ્રમ અને દૂરંદેશીતાના પરિણામે આજે સ્માર્ટ સીટી અને ગુડ ગવર્નન્સની પરિપાટીએ ગુજરાતના નગરો અને શહેરોનો વિકાસ દેશ માટે રોલ મોડલ બન્યો છે.

જેના પરિણામે વર્લ્ડ ક્લાસ સ્માર્ટ અને સસ્ટેનેબલ સીટીનો એક નવો યુગ નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં શરૂ થયો છે. વિશ્વ ફાસ્ટટ્રેક વિકાસની ગતિ તરફ આગળ વધી રહ્યું છે અને નાગરિક કેન્દ્રી સુવિધા અને ઓનલાઈન સુવિધાઓના સમન્વય થી આજે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે. સ્માર્ટ ક્લાસરૂમથી સ્માર્ટ આંગણવાડી, સ્માર્ટ પાર્કિંગ થી સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ, સ્માર્ટ ડ્રેનેથી સ્માર્ટ વોટર મેનેજમેન્ટ અને સ્માર્ટ ચાર્જીંગથી સ્માર્ટ ઈલેક્ટ્રીક બસ જેવા અસંખ્ય પ્રયાસોની સામાન્ય માનવીના જીવન પર સકારાત્મક અસર વર્તાઈ રહી છે અને ઈઝ ઓફ લીવીંગ સરળ બની રહ્યું છે તેવો ભાવ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, દેશમાં છેલ્લા કેટલાય દાયકાથી ગ્રામ્ય ક્ષેત્રોમાં મર્યાદિત આવક, ઔદ્યોગિકરણ,આંતરમાળખાકીય સવલતો, શિક્ષણ અને સ્વાસ્થ્યની મર્યાદિત સવલતોના પરિણામે શહેરીકરણ વધ્યું છે.જે કારણોસર શહેરી વિકાસ મહત્વની બાબત બની રહી છે. ગુજરાતે આ પરિસ્થિતિને પારખીને શહેરી વિકાસને હંમેશા મહત્વ આપ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ અમદાવાદ, સુરત , વડોદરા, દાહોદ સહિતના ૬ શહેરોને સ્માર્ટ સીટી તરીકે વિકસાવવા માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં પણ અમદાવાદ અને વડોદરા ઈઝ ઓફ લીવીંગ અને મ્યુનિસીપલ કોર્પોરેશન આંકમાં ટોપ-૧૦ માં સ્થાન ધરાવે છે.

ગુજરાત સરકાર દ્વારા ટી.પી. સ્કીમમાં ફાળવેલી જમીનમાંથી ૫ ટકા જમીન વિસ્તાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકો માટે આવાસો બનાવવા માટે ફાળવવામાં આવે છે.


તદ્ઉપરાંત ક્લીન અને ગ્રીન સીટી બનાવવા માટે અર્બન ફોરેસ્ટનો અભિગમ અપનાવ્યો છે. વધુમાં લોકભાગીદારી સાથે ટાઉનપ્લાનીંગ અને અર્બન ડેવલેપમેન્ટ ના સમન્વય થી તમામ શહેરી વિસ્તારોમાં જમીનના ઉપયોગના આયોજનનું મોડલ ગુજરાતે આપ્યું છે. જેની સમગ્ર દેશમાં પ્રશંસા થઇ છે.

કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયના સચિવ મનોજ જોષીએ પ્રાસંગિક ઉદબોધનમાં શહેરી વિકાસ માટેના આયોજનને સેવા તરીકે પ્રોક્યોર કરવા અનુરોધ કર્યો હતો.તદ્ઉપરાંત તેમણે નાનામાં નાના ગરીબ વ્યક્તિને કેન્દ્રસ્થાને રાખીને શહેરોના સર્વસમાવેશી વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS No* : *0110*

પ્રકાર : ગદ્ય- મૌલિક લેખ

વિષય : દેશ - વિદેશમાં ગુજરાતીઓનો દબદબો,બદલાતી સામાજિક આધુનિક શૈલી

શબ્દો : ૩૪૭

શીર્ષક : 'જય જય ગરવી ગુજરાત'

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

ગુજરાતીઓ દેશ અને વિદેશમાં ખૂણે ખૂણે વસવાટ કરે છે અને પોતાની હોશિયારી, બુદ્ધિચાતુર્ય અને વ્યાપાર કુશળતાથી પોતાનું, ગુજરાતનું અને દેશનું નામ ઝળહળતું કરે છે. એક ગજબની કુનેહ અને આત્મવિશ્વાસ ગુજરાતીઓની રગેરગમાં અને લોહીમાં વસેલ છે અને તેને દુનિયા માની ચુકી છે.

વૈશ્વિક ફલક ઉપર ચાહે વિજ્ઞાન, ઈજનેરી, આર્થિક, વ્યાપારિક કે પછી આધ્યાત્મિક ક્ષેત્ર હોય, આ દરેક ક્ષેત્રમાં વિશ્વમાં આજે ગુજરાતીઓનો દબદબો છે.

અરે છેલ્લાં થોડાંક વર્ષોમાં તો વિશ્વને જટીલ વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરવામાં સર્વસ્વીકૃત સન્માનજનક નેતૃત્વ પૂરું પાડવા બાબતે પણ એક મજબૂત મનોબળ ધરાવતાં ગુજરાતીએ ડંકો વગાડ્યો છે. કંઈ કેટલીયે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય કંપનીઓના સંચાલનમાં મહત્વપૂર્ણ હોદ્દાઓ આજે ગુજરાતીઓ શોભાવી રહ્યા છે. વિશ્વનો કોઈપણ ખૂણો એવો નહીં હોય જ્યાં ગુજરાતીઓ જઈને વસ્યા ન હોય અને ત્યાં વ્યાપાર કરી પ્રતિષ્ઠા હાંસલ કરી ન હોય.

અસંખ્ય ગુજરાતીઓ દેશ અને વિદેશમાં પોતપોતાની કારકિર્દી બનાવવા માટે સ્થાયી થવા પ્રયાણ કરે છે. એક તરફ તેઓ જે તે દેશની જીવનશૈલી અને સંસ્કૃતિને માનપૂર્વક અપનાવીને રહે છે, સાથે જ તેઓ વિદેશમાં આપણી મૂળ સંસ્કૃતિ અને સંસ્કારોનું એટલા જ પ્રેમથી જતન પણ કરે છે. વિદેશમાં ગયા પછી ત્યાંની ધરતી ઉપર પણ આપણા ધાર્મિક સંસ્કારો, ગુજરાતની ભાતીગળ કળા, સંગીત અને સંસ્કૃતિ ભૂલતા નથી અને તેની સાથે જોડાયેલા રહેવા ઘનિષ્ઠ પ્રયત્નો કરે છે. આ સાચે જ સહુ ગુજરાતીઓએ ગર્વ લેવા જેવો વિષય છે. આ બધી જ પ્રવૃત્તિઓમાં ગુજરાતની અગ્રગણ્ય ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ અગ્રેસર થઈ કામ કરી રહી છે તે પણ ખૂબ જ આનંદનો વિષય છે. બદલાતા સમયમાં આધુનિક જીવનશૈલી બાબતે આ એક મોટા સંતોષની વાત છે.

ગુજરાતની જે પેઢી વિદેશમાં સ્થળાંતર કરી રહી છે તે તો આપણી સંસ્કૃતિના મૂળ સાથે જોડાયેલી જ છે અને ત્યાં ગયા પછી પણ જોડાયેલી રહેવા જરૂર કોશિશ કરશે,પરંતુ જે તે દેશની આધુનિક સંસ્કૃતિ સાથે જોડાતાં તેમની પછીની પેઢી પોતાના ગુજરાતી સંસ્કૃતિના મૂળ સાથે જોડાયેલી રહે અને તેને પૂરતું સન્માન આપી પોતે પણ સન્માનને પાત્ર બને તે જોવાનું કર્તવ્ય આજની પેઢીનું છે.

જો તેમાં ચૂક થશે તો આવનાર દિવસોમાં આપણી આવનાર પેઢી ગુજરાતની કળા, સંસ્કાર અને સંસ્કૃતિથી અળગી થઈ જશે. આમ ન બને તે માટે વિદેશમાં વસતી આજની ગુજરાતી પેઢીએ ખૂબ સભાનતાપૂર્વક નવી પેઢીનો ઉછેર કરવો જોઈએ જેથી તે ગર્વ પૂર્વક ગુજરાતી સંસ્કૃતિની ધરોહર સાથે વિદેશમાં પણ જોડાયેલી રહે.

જય જય ગરવી ગુજરાત...
નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૯ જુલાઈ ૨૦૨૨

---

NOG SS NO. 0081

પ્રકાર : પદ્ય

વિષય : બદલાતી આધુનિક સામાજિક શૈલી

શીર્ષક: માણસને માણસ ગમતાં નથી

શબ્દો: ૧૦૩

આધુનિકતા હદ વટાવી રહી છે,
સંતાનો સાથે મા પણ મજા લઇ રહી છે.
જૂનાં રિવાજ એનેય ગમતાં નથી,
રોટલી શાક એને ય રાંધવા નથી.
પડોશીઓનું ડોકાવું કોઈને ?ગમતું નથી,
એમની સાથે સરખામણી કોઇ ચૂકતું નથી.
દુઃખ તો ઘણું છે સૌને, કોઈને કહેવું નથી,
તમાચાથી ગાલ લાલ રાખી, કોઈ સાથે ભળવું નથી.
જન્મ કે મરણનાં નોતરાં આવતાં નથી,
માણસને માણસ જ જાણે ફાવતાં નથી.
લોહીનાં સંબંધો તો જળવાતાં નથી,
માનેલા ભાઈ, બહેનનાં ગુણો સમાતાં નથી.
રીત રિવાજ પરંપરા કોઈને ગમતાં નથી,
માણસને જાણે માણસ? જ? ગમતાં નથી.
આ બદલાતી જીવનધારા ક્યાં લઈ જશે ખબર નથી,
માણસ વિના માણસ કેમ જીવશે? એ જ સમજ નથી!
#© માયા દેસાઈ
મુંબઈ ભારત

## એવરત-જીવરત વ્રતની શુભકામનાઓ, મિત્રો.

**પ્રસ્તુત છે આ વ્રતની વાર્તાને કાવ્યનું સ્વરૂપ આપવાનો નાનકડો પ્રયાસ. મારાં મમ્મી પાસેથી નાનપણમાં સાંભળેલી આ વાર્તાને ગીતનું સ્વરૂપ આપવાની કોશિશ કરી છે. શક્ય છે તેમાં ભૂલો હોય. કર્ણોપકર્ણ સાંભળેલી વાર્તામાં પણ ફેરફાર થઈ ગયો હોય. એવી કોઈપણ ભૂલો માટે ક્ષમાપ્રાર્થી. મિત્રો, માત્ર ભાવ જોશો તો વધુ ગમશે.**

**આપણી પરંપરારૂપ વાર્તાને કાવ્ય પ્રકારમાં ઢાળવાનો એક નમ્ર પ્રયાસ માત્ર.**

એવરત - જીવરત વાર્તા ગીત સ્વરૂપે .
(રાગ : હળવે હાક્રોને તમે ઘોડલા હો જીરે....)
પ્રાચીન સમયમાં એક બેલડી રે લોલ!
સજ્જન માણસમાં એનું નામ જો,
ઝંખે જીવનમાં ઘર-દીવડો રે લોલ!
હો જી રે, ઝંખે જીવનમાં ઘર-દીવડો રે લોલ!
સંસ્કાર-વિદ્વતા એને ઓપતાં રે લોલ!
મળી બ્રાહ્મણની રૂડી જાત જો....
ઝંખે જીવનમાં ઘર-દીવડો રે લોલ! હો જીરે૦
સઘળું આપ્યું 'તું મારે શામળે રે લોલ!
શેર માટીની બસ ખોટ જો....
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
પૂજા ને પાઠ તેમણે બહુ કર્યા રે લોલ!
પાણાં એટલાં પૂજ્યાં છે દેવ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
બ્રાહ્મણ એકાંતે આંસુ સારતો રે લોલ!
બ્રાહ્મણી રુએ છે જાર જાર જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
બ્રાહ્મણીએ એકવાર હઠ કરી રે લોલ!
તપ કરવા જાવ ભરથાર જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
બ્રાહ્મણ ગયો શિવને દેવળે રે લોલ!
વિનવે પ્રભુને વારંવાર જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
વાયુ આહારે તપ માંડીયાં રે લોલ,
વિત્યાં દિવસ એવાં આઠ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
એક કસાઈ ત્યાં આવીયો રે લોલ!
બકરાં વધેર્યા એણે આઠ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
ફટાક દઈને શિવ આવિયાં રે લોલ,
કસાઈ પામ્યો છે પુત્ર આઠ જો
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
બ્રાહ્મણ વિચારે શું મેં ભૂલ કરી રે લોલ!
કમળ પૂજા કરું તત્કાળ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
મસ્તક ધરી દઉં આજ શિવને રે લોલ!
એ વિચારે ઉપાડી તલવાર જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
હાં હાં કરતાંને શિવ આવિયાં રે લોલ!
બ્રાહ્મણ શાને વધારે શિશ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
પળમાં કસાઈ પામ્યો દીકરા રે લોલ!
મને શિવજી ન આપ્યો એક જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
પેલો દેખાય ગાયનો પોદળો રે લોલ!
દીકરા એવાં ખદબદતાં કીટ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
તારા નસીબમાં નથી દીકરો રે લોલ!
બીજું તારે જોઈએ તે માંગ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
દિકરાથી ઓછું શિવજી નહીં ખપે રે લોલ!
શિવજી વિચારે મનમાંય જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
આપું તને હું એક દીકરો રે લોલ!
શરત મારી સાંભળ તું વત્સ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
દીકરો આપી તને હું તો શકું રે લોલ!
લગ્ન અથવા તો અક્ષરજ્ઞાન જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
વગર વિચાર્યે બ્રાહ્મણ હા ભણે રે લોલ!
શિવે દીધું દીકરાનું વરદાન જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
વાત છુપાવી બ્રાહ્મણ આવીયો રે લોલ!
બ્રાહ્મણીને દીધાં સમાચાર જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
અઢળક ઉપકાર તમારાં શિવજી રે લોલ!
ભાંગી તમે ભવ તણી ભૂખ જો,
ઝંખે જીવનમાં ઘર દીવડો રે લોલ! હો જીરે૦
પુરણ માસે જન્મ્યો દીકરો રે લોલ!
તેજે ઝાંખો આભલીયામાં ભાણ જો,
અંતે મળ્યો ઘર દીવડો રે લોલ! હો જીરે ૦

---

શિક્ષણ વિના તો કેમ ચાલશે રે લોલ!
મળી બ્રાહ્મણની રૂડી જાત જો,
માંડ મળ્યો છે ઘર દીવડો રે લોલ! હો જીરે ૦
દીકરો ભણે વેદ-વારતા રે લોલ!
માનાં હરખનો નથી પાર જો,
માંડ મળ્યો છે ઘર દીવડો રે લોલ! હો જીરે ૦
વિચારે વિપ્ર ઘણું મનમાં રે લોલ!
કેમ કહું શિવજીવાળી વાત જો,
માંડ મળ્યો છે ઘર દીવડો રે લોલ! હો જીરે ૦
અજાણી માત લગ્ન ગોઠવે રે લોલ!
વિપ્રની ઉપડી નહીં જીભ જો,
માંડ મળ્યો છે ઘર દીવડો રે લોલ! હો જીરે ૦
પરણીને જાન ગામ આવતી રે લોલ!
રસ્તામાં ખાંગા બારે મેઘ જો,
માંડ મળ્યો છે ઘર દીવડો રે લોલ! હો જીરે ૦
વાયુ-વંટોળે સૌ જુદાં પડ્યાં રે લોલ!
વ્રુક્ષ નીચે ઊભાં વધૂ-વર જો,
માંડ મળ્યો છે ઘર દીવડો રે લોલ! હો જીરે ૦
ક્યાંકથી આવ્યો કાળોતરો રે લોલ!
દંશે હર્યા વર તણાં પ્રાણ જો,
કેમ જીવે હવે ઘર-દીવડો રે લોલ! હો જીરે ૦
વીજ ઝબકારે ધજા દીસતી રે લોલ!
વહુ વરને મંદિર લઈ જાય જો,
કેમ જીવે હવે ઘર-દીવડો રે લોલ! હો જીરે ૦
મંદિરનાં દ્વાર એણે ભીડીયાં રે લોલ!
ગભરાય એકલડી જોને બાળ જો,
કેમ જીવે હવે ઘર-દીવડો રે લોલ! હો જીરે ૦
પ્રથમ પહોરે એવરતમા આવિયાં રે લોલ!
કોણે ભીડ્યાં મારાં મંદિર-દ્વાર જો,
કાંપે થરથર ભોળુડી નવવધૂ રે લોલ!
વહુએ મંદિરનાં દ્વાર ખોલિયાં રે લોલ,
એવરતમાને કરી બધી વાત જો,
પાયે માને લાગે પારેવડી રે લોલ!
એવરતમાએ તો વચન માંગીયાં રે લોલ!
કરું તારો સજીવન ભરથાર જો,
વચન આપે માને પારેવડી રે લોલ!
આશિષ વરસાવી એવરતમા ગયાં રે લોલ!
પગનાં અંગૂઠે આવ્યો જીવ જો,
હરખે છલકે વહુની આંખડી રે લોલ!
બીજે પહોરે જીવરતમા આવિયાં રે લોલ!
એણેય દીધું જીવ તણું વરદાન જો,
કરની આંગળીએ જીવ આવિયો રે લોલ!
ત્રીજે પહોરે જયામા આવિયાં રે લોલ!
એણેય રાખી વહુ તણી વાત જો,
મૃત શરીરે જીવ સંચર્યો રે લોલ!
ચોથે પહોર આવ્યાં મા વિજયારે લોલ,
થયો સજીવન વિપ્ર કુમાર જો,
વાજતે- ગાજતે ઘેર આવિયાં રે લોલ!
પહેલે વરસે તે આવ્યો દીકરો રે લોલ!
સપને આવ્યાં છે એવરત માત જો,
વચન નિભાવવા દીધો દીકરો રે લોલ!
સાસુ કહે કે વહુ ડાકણી રે લોલ!
ખાધો દીકરાને અધરાત જો,
છાનાં આંસુડાં વહુ સારતી રે લોલ!
બીજો, ત્રીજો ને વળી ચોથલો રે લોલ!
ચારેય દીધાં છે ચાર માત જો,
ચોકી ચાહે નગરનો ભૂપ કરે રે લોલ!
પાંચમે વરસે તે આવી દીકરી રે લોલ!
તે તો દિવસે વધે, રાતે મોટી થાય રે,
કોઈને ગળે ના ઉતરે વાતડી રે લોલ!
એકદા જમાડે વહુ ગોરણી રે લોલ!
નોતર્યા છે એવરત - જીવરત માત જો,
ચારેય માતા પધાર્યા આંગણે રે લોલ!
બની સુહાગણ માતા આવિયાં રે લોલ,
સાથે લાવ્યાં ચાર નાનાં બાળ જો,
હરખે વહુનું મન હેતથી રે લોલ!
ચાંદલા કર્યા ને ચોડયાં ચોખલાં રે લોલ!
ભાવે ધર્યા ભોજનિયાંનાં થાળ જો,
વહુ કરે છે અજબ યુક્તિ રે લોલ!
પારણે પોઢેલ નાની બાળકી રે લોલ!
ચુંટલી ખણી રોવડાવી બાળ જો,
કારણીયાં માત વહુને પૂછતાં રે લોલ!
શાને રુએ તમારી દીકરી રે લોલ!
વહુ કહે છે મનડાં કેરી વાત જો,
બાંધવ વિનાની રુએ બેનડી રે લોલ!
સાથે લાવેલાં ચાર દીકરા રે લોલ!
માતાજીએ સોંપ્યાં વહુને હાથ જો,
કરી'તી પરીક્ષા માએ આકરી રે લોલ!
ખોળો પાથરીને પગે લાગતી રે લોલ!
વહુને હૈયે હરખ ન માય જો,
ચારેય માતાએ આશિષ આપિયાં રે લોલ!
ભક્તિથી પુત્ર પાછાં મેળવ્યાં રે લોલ!
સુખી થયો બ્રાહ્મણ પરિવાર જો,
વહુનાં લે સાસુમા ઓવારણાં રે લોલ!
આખાં ગામે તે વ્રત રાખીયાં રે લોલ!
આવો એવરત-જીવરત વ્રતનો મહિમાય જો,
વહુને ફળ્યાં એવાં સહુને ફળજો રે લોલ!
ભગવતી પંચમતીયા 'રોશની'

# સત્ર ચાલુ થયાને બે મહિના થયા હોવા છતાં હજુ અનેક શાળાઓમાં પાઠયપુસ્તકો પહોચ્યા નથી :- પ્રવીણ રામ

## બાકી રહેલી શાળાઓમાં તાત્કાલિક ધોરણે પાઠયપુસ્તકો ફાળવવામાં નહિ આવે તો થશે ઉગ્ર આંદોલન :- પ્રવીણ રામ

ગુજરાત રાજ્યમાં સત્ર ચાલુ થયું એમને અંદાજિત બે મહિનાથી આસપાસ સમય થવા આવ્યો છે આમ છતાં હજુ અનેક શાળાઓમાં પાઠયપુસ્તકો સરકાર દ્વારા અને રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પહોચાડવામાં આવ્યા નથી, આમની પાછળનું કારણ એ છે કે કોઈ ટેકનિકલ ખામી અથવા અન્ય કોઈ ખામીના કારણે પોર્ટલ ઉપર જે શાળાની માહિતી અપલોડ નથી થઈ એ શાળાઓને અંદાજિત ૨ મહિના થયા હોવા છતાં હજુ એક પણ પાઠ્યપુસ્તક મળ્યા નથી ત્યારે મુખ્ય સમજવા જેવી બાબત એ છે કે તંત્રની બેદરકારી કે ટેકનિકલ ખામીમાં ગુજરાતના એ માસૂમ




બાળકોનો શું વાંક કે જે એક આશા સાથે ગુજરાતની સરકારી શાળામાં ભણી રહ્યા છે જયાં હજુ એમને પાઠયપુસ્તકો મળ્યા નથી.

ત્યારે આ ઘટના બાબતે આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા પ્રમુખ પ્રવીણભાઈ રામે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે દિલ્હી ખાતે જે લોકો માનનીય અરવિંદ કેજરીવાલજીની સરકારમાં શિક્ષણની સ્થિતિ જોવા ગયા હતા એ લોકોએ પેલા ગુજરાતમાં એમની સરકારમાં શિક્ષણની સ્થિતમાં ડોકિયું કરવાની જરૂર છે, સારી સ્કૂલ, સારી વ્યવસ્થા અને સારું શિક્ષણ આપવાની વાત તો ઠીક પરંતુ આ ભાજપ સરકાર સમયસર બાળકોને પાઠયપુસ્તકો પણ આપવા સક્ષમ નથી, મને એવું પણ જાણવા મળ્યું છે કે રાજ્ય પાઠયપુસ્તક મંડળમાં બાબતે રજુવાત કરવા જઈએ તો પણ ત્યાંથી સંતોષકારક જવાબ મળતો નથી એટલું જ નહીં પરંતુ ઉડાઉ જવાબ આપવામાં આવે છે.

ત્યારે સરકાર ઉપર પ્રહારો કરતા પ્રવીણ રામે જણાવ્યુ કે ટેકનિકલ ખામી હોય તો કે તંત્રની બેદરકારી પરંતુ આમાં માસૂમ બાળકોને શું વાક? જેમને સરકારની બેદરકારીના કારણે હજુ સુધી પાઠયપુસ્તકો ના મળે.

વધુમાં આ બાબતે આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા પ્રમુખ પ્રવીણભાઈ રામે જે શાળાઓમાં હજુ પાઠયપુસ્તકો મળ્યા નથી ત્યાં તત્કાલિક ધોરણે પાઠયપુસ્તકો પહોચાડવા સરકારને ચેતવણી આપી છે અને જો ટૂંક સમયમાં બાકી રહેલી શાળામાં પાઠયપુસ્તકો મોકલવામાં નહિ આવે તો આ મુદ્દા બાબતે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ પ્રવીણભાઈ રામ દ્વારા આપવામાં આવી.

# ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા શપથ વિધિ કાર્યક્રમ યોજાયો

**ઇંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ ની સ્થાપના ગાંધીનગર ખાતે થયેલ છે આ સ્વદેશી રાષ્ટ્રવાદી સંસ્થા છે. જેની વર્ષે ૨૦૨૨-૨૩ ની શપથ વિધિ ગાંધીનગર ખાતે યોજાઈ ગઈ**



ગાંધીનગર,

આ કાર્યક્રમ માં અતિથિ નો પરિચય સંજીવ યાદવ દ્વારા આપવામાં આવ્યો. અતિથિઓ દ્વારા દિપ પ્રાક્ટત્ય કરી ઉષા બેન ચૌહાણ દ્વારા પ્રાથના રજૂ કરવામાં આવી. આ કાર્યક્રમ માં અતિથિઓ નું શાબ્દિક સ્વાગત રાધેશ્યામ ભાઈ યાદવ પ્રમુખ શ્રી દ્વારા કરવામાં આવ્યું. ચીફ પેટર્ન શ્રી હિતેશ પંડ્યા સાહેબ નું ગુલાબ ના ફૂલો ની ફૂલ માળા થી સન્માન રાધેશ્યામ ભાઈ યાદવ દ્વારા કરવામાં આવ્યું ત્યાર બાદ નેશનલ ચેરમેન શ્રી અક્ષય ભાઈ ઠક્કર સાહેબ નું ફૂલો ના બુકે થી સન્માન ડૉ ગુલાબચંદ પટેલ ઉપ પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું શ્રીમતી આશાબેન પંડયા ચેર પર્સન નું ફૂલ માળા થી

સન્માન નવા નિમાયેલા પ્રમુખ શ્રીમતી વિમલા બેન યાદવ દ્વારા કરવામાં આવ્યું

અતિથિ પુરોહિત તરીકે આ કાર્યક્રમ માં શ્રી કૌશિક ભાઈ ટાંક દ્વારા નવા જોડાયેલ સભ્યો, પ્રમુખ તરીકે શ્રીમતી વિમલા બેન યાદવ ઉપ પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ, સેક્રેટરી તરીકે શ્રી પિયુષ સોલંકી, જોઇન્ટ સેક્રેટરી તરીકે શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ સંગઠન મંત્રી તરીકે શ્રી મૌલિક આસોડિયા, એડવાઈજર તરીકે ચીફ પેટર્ન શ્રી હિતેશ પંડ્યા સાહેબ, એડવાઈજર ઈમીંજિયેટ પાસ્ટ નેશનલ ચેર પર્સન, એડવાઈજર તરીકે શ્રી અક્ષય ભાઈ ઠક્કર સાહેબ નેશનલ ચેરમેન ઈંડિયન લાયન્સ અને ઈમીંજિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી રાધેશ્યામ ભાઈ યાદવ અને અન્ય તમામ પદાધિકારીઓ ને શપથ ગ્રહણ પુરોહિત શ્રી કૌશિક ભાઈ ટાંક દ્વારા કરાવવામાં આવ્યા હતા

આ કાર્યક્રમમાં ડૉ ગુલાબચંદ પટેલ ઉપ પ્રમુખ નું, શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ જોઇંટ સેક્રેટરી, શ્રી મંગળ સિંહ સોલંકી ઉપ પ્રમુખ તથા શ્રી સંદિપ ભાઈ ડાફડા નું સન્માન પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમ માં અતિથિ ઓ નું મોમેન્ટઓ આપી સન્માન કરવામાં આવ્યું હતું આભાર વિધિ શ્રી પિયુષ ભાઈ સોલંકી સેક્રેટરી દ્વારા કરવામાં હતી.

ડૉ ગુલાબચંદ પટેલ

# કઠલા ના રોજમદારને સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા તથા પડેલા દિવસોનો ૫૦% પગાર ચૂકવવા અંગે નામદાર મજૂર અદાલત દાહોદનો આદેશ

દાહોદ,

જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત દાહોદ ના તાબા હેઠળની કચેરી મેડિકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કઠલા ના રોજમદારને સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા તથા પડેલા દિવસોનો ૫૦% પગાર ચૂકવવા અંગે નામદાર મજૂર અદાલત દાહોદનો આદેશ.

દાહોદ જિલ્લામાં આવેલ જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાય ના તાબા હેઠળ ની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કઠલા મા તારીખ ૨૪/૬/૨૦૦૦ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા નરેશભાઈ શકરીયા ભાઈ હરીજન ને લાંબી નોકરીના દરમિયાન કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય મજૂર કાયદાની જોગવાઈઓ ૨૫ એચ અને ૨૫ એફ નું ઉલંઘન કરી કામદારની પૂર્વ મંજૂરી મેળવવા સિવાય એ જાણ કર્યા સિવાય બલરામ મેન પાવર એજન્સીમાં ટ્રાન્સફર કરી દીધેલ જે તે સમયે તેઓને અગાઉની નોકરી કર્યા બાબતે કોઈપણ પ્રકારનું વળતર ચૂકવેલ ના હતું જે બાબતે કામદારે સામા વાળાને ટ્રાન્સફર કરવા અંગે વિરોધ દર્શાવતા તેઓએ તારીખ ૧/૭/૧૮ થી તેમની નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલા જે તે સમયે પણ કોઈ પણ પ્રકારનું વળતર ચૂકવેલ ન હતો જેને લઈ અરજદાર નરેશ હરીજને ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એએસ ભોઈ તથા સોમાભાઈ ચૌહાણ નો સંપર્ક કરી તેમને થયેલા અન્ય બાબતે આઈડી એક્ટ ની કલમ ૧૦(૧) હેઠળ પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા અંગેનો વિવાદ મજૂર અદાલત દાહોદ સમક્ષ ઉપસ્થિત કરેલ જે વિવાદ ચાલી જતા નામદાર મજૂર અદાલત સમક્ષ કેસમાં પડેલા પુરાવા અને આધારે દાહોદ મજુર અદાલતના ન્યાયાધીશ ડીજે ચૌહાણ સાહેબે આ કામના શ્રમયોગી નરેશ હરિજનને તારીખ ૨૪/૬/૨૨ ના રોજ આંક ૨૦ થી પડેલા દિવસોના ૫૦ ટકા પગાર સહિત સળંગ નોકરી ગણી મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવાનો આદેશ ફરમાવેલ છે જે આદેશથી અરજદારના પરિવાર જ્ઞાતી બંધુઓ તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ કામદારોમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

પ્રમુખશ્રી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન

અંબાલાલ એસ ભોઈ કાલોલ પંચ





**"શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ" અંતર્ગત કેનેડા નાયગ્રા ફોલ્સ ખાતે વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજનાં અસ્થિ સુમનનું વિસર્જન**

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ" અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજે સંતમંડળ અને હરિભકતોના સમૂહ સાથે વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના અસ્થિ સુમન કળશનું પૂજન, અર્ચન કરી કેનેડાના નાયગ્રા ફોલ્સ ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

સદ્‌ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી મહંત

# ચાણસ્મા ખાતે થયેલી પાંચ લાખની ચોરીમાં ગણતરીના દિવસોમાં જ ભેદ ઉકેલથી ચાણસ્મા પોલીસ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો



પાટણ જિલ્લા નાં તાલુકા મથક ચાણસ્મા શહેરની જયવીર નગર સોસાયટીમાં તાજેતરમાં ચાણસ્મા પોલીસ દ્વારા ઉકેલવામાં સફળતા પ્રાપ્ત કરી છે ચાણસ્મા પોલીસ દ્વારા બે આરોપીને રૂ.૫.૧૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

ચાણસ્મા ની આ ઘરફોડ ચોરી નો ભેદ ઉકેલાયો હોવાની માહિતી આપતા જિલ્લા પોલીસ વડા એ જણાવ્યું હતું કે પાટણ જિલ્લા ના તાલુકા મથક ચાણસ્મા પોલીસ મથકે તાજેતરમા પટેલ અંકીતકુમાર અમરતભાઇ મણીલાલ રહે, જયવીરનગર સોસાયટી ચાણસ્મા તા.ચાણસ્મા જી પાટણવાળાઓ કે જેઓ કરીયાણાના વેપારી હોઇ તા.૧૮/૭/૨૦૨૨ ના રોજ બપોરના સમયે તેઓનાં બંધ મકાન માંથી કોઈ અજાણ્યા શખ્સોએ સોનાની વિટી નંગ-૩ કી.રૂ.૧,૦૦,૦૦૦/ તથા રોકડ રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ કી.રૂ.૬,૦૦,૦૦૦/ ની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાવી હતી તો તેઓની બાજુમા રહેતા પટેલ મનોજકુમાર ઉર્ફે ભોળાભાઇ કાંતીભાઇ તથા ઠાકોર ભરતજી પ્રસંગજી રહે મુળ તોરણીપુર તા હારીજ હાલ રહે.ચાણસ્માવાળાઓના મકાનમાં પણ તસ્કરો એ ચોરી કરવાની કોષીષ કર્યા અંગેની જાણ કરી હતી.

જે ગુનાની તપાસ ના.પો.અધિ રાધનપુરનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ ચાણસ્મા પીઆઈ આર.એમ.વસાવા અને ચાણસ્મા પોલીસ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી અલગ-અલગ દિસામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા તથા ટાઉનના સી.સી.ટીવી ફુટેઝ ચેક કરવા સુચના કરેલ તે દરમ્યાન મામલતદાર કચેરીની નજીકમાં આવેલ સ્ટેશનરીની દુકાનના સીસી ટીવી ફુટેઝ ચેક કરતા એક ૨૦-૨૫ વર્ષના કેશરી કલરના શર્ટ વાળો ઈશમ શંકાસ્પદ જણાઇ આવેલ જે દિશામાં પોલીસે તપાસ કરતા શકદારની હીલ-ચાલ શંકાસ્પદ જણાતા તેઓને ઝડપી લઇ પો.સ્ટે લાવી પુછ-પરછ કરતા તે ભાગી પડ્યો હતો અને ચોરી કરેલાની કબુલાત કરી હતી.

ચાણસ્મા પોલીસે અન-ડીટેક્ટ ઘરફોડ ચોરી ડિટેન કરી આરોપી મનોજ કૈલાશચંદ્ર મુરલીધર જાતે-ત્રીપાઠી ઉવ.૨૨ રહે-મુળ-કુરજ કિરમુલ્લા થાના કુંવારીયા તા-રેલમંગરા જી.રાજસંમદ (રાજસ્થાન) હાલ રહે-ચાણસ્મા ઈન્દીરાનગર તા. ચાણસ્મા ની અટકાયત કરી તેની પાસે થી સોનાની વિંટી નંગ-૨ કી.રૂ.૧,૦૦,૦૦૦ અને રોકડ રકમ રૂ.૩,૩,૩૫,૦૦૦/,એક આઇ-ફોન કી.રૂ.૭૦,૦૦૦/,

એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ ફોન કી.રૂ.૧૦,૦૦૦/ મળી કુલ કી.રૂ.૫,૧૧,૦૦૦/- નો મુદામાલ રીકવર કરવામાં આવેલ હોવાનું અને ઘરફોડ ચોરીને અંજામ આપનાર આરોપી મકાન ભાડે રાખવાના બહાને રેકી કરતો હોવાનું જણાવ્યું હોવાનું જિલ્લા પોલીસ વડા એ જણાવ્યું હતું.

# માણાવદર વિધાનસભાની સંગઠનાત્મક બેઠક વંથલી મુકામે મળી

માણાવદર,

માણાવદર વિધાનસભાની સંગઠનાત્મક બેઠક વંથલી મુકામે પ્રભારીશ્રીઓ નરેશ ભારદ્વાજ અને વૈશાલી શિંદે ની ઉપસ્થિતિ માં મળી હતી જેમાં વંથલી માણાવદર બાંટવા મેંદરડા ના હોદ્દેદારો કાર્યકરો ચૂંટણી લક્ષી માહિતીઓ આદાન પ્રદાન કરવામાં આવી હતી, આવનાર વિધાનસભા ની ચૂંટણી ને ધ્યાન માં લઈ સંગઠન, બુથ કાર્યકર્તા અને જન મિત્ર સહીત ની કામગીરી હાથ ધરવા દ્રઢ નિર્ધાર વ્યક્ત કરી કાર્યકરો ને કામે લાગી જવા હાકલ કરાય હતી આ લોક સંવાદ કાર્યક્રમ માં પ્રદેશ મહિલા સેલ ના મંત્રી શારદાબેન, પ્રદેશ




માલધારી સેલ ના ઉપ પ્રમુખ રાણાભાઇ રબારી, વંથલી શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાન શાહ, તાલુકા પ્રમુખ મનસુખ પાડલીયા, માણાવદર પ્રમુખ જીગ્નેશ છૈયા, વિજય ઝાટકીયા, અરવિંદભાઈ લાડાણી, અરવિંદ બાપુ, એડવોકેટ કુંભાણી, જિલ્લા અનુ. જાતી ના પ્રમુખ મુકેશ ચૌહાણ, વર્ષાબેન લીંબડ, શિલ્પા ટાંક, રમેશ વાણવી સહીત વંથલી, માણાવદર, બાંટવા, મેંદરડા ના વરિષ્ઠ પદાધિકારીઓ આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા,

# એએમટીએસ માત્ર ૬૦ રૂપિયામાં અમદાવાદ અને ગાંધીનગરના ૨૩ મંદિરોના દર્શન કરાવશે

અમદાવાદ,તા.૨૯

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ શિવ મંદિરોમાં લોકો દર્શન કરવા માટે જતા હોય છે. અમદાવાદ શહેરમાં આવેલા વિવિધ મંદિરો અને ધાર્મિક સ્થળો પર પવિત્ર શ્રાવણ માસમાં લોકો દર્શન કરે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતી એએમટીએસ બસની ધાર્મિક બસ પ્રવાસ યોજનાની ટિકિટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હવે પ્રવાસીઓ શ્રાવણમાસ દરમિયાન અમદાવાદ તથા આસપાસના શિવમંદિરોમાં દર્શનાર્થે સરળતાથી જઈ શકશે.

એએમટીસીમાં સામાન્ય દિવસોમાં ધાર્મિક બસ પ્રવાસ યોજનામાં પુખ્ત વયના લોકોની ૯૦ અને બાળકોની ૪૫ રૂપિયા ટિકિટ હોય છે. જેને ઘટાડી પુખ્ત વયના લોકો માટે ૬૦ અને બાળકો માટે ૩૦ રૂપિયા કરવામાં આવી છે. આ ઉપરાંત રક્ષાબંધનના દિવસે પણ મહિલાઓ માટે મનપસંદ ટિકિટ યોજનામાં માત્ર ૧૦ રૂપિયામાં મહિલાઓ મુસાફરી કરી શકશે. બાળકોની પાંચ રૂપિયા ટિકિટ રાખવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળો માટે ધાર્મિક બસ પ્રવાસ યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં શહેરના કુલ ૨૩ જેટલા અલગ-અલગ મંદિરોમાં પ્રવાસીઓને દર્શન કરાવવામાં આવે છે. પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થયો છે ત્યારે શ્રાવણ માસમાં લોકો મંદિરોમાં દર્શનનો લાભ વધુ લેતા હોય છે. નાગરિકો સસ્તા દરે શ્રાવણ માસમાં વિવિધ મંદિરોમાં દર્શન કરી શકે તેના માટે છસ્જી સત્તાધીશો દ્વારા ટિકિટના દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ધાર્મિક બસ પ્રવાસ યોજના માટે ઓછામાં ઓછા ૪૦ પ્રવાસીઓ હોવા જરૂરી છે. સવારે ૮.૧૫થી ઉપડી વિવિધ ૨૩ મંદિરે ફરી સાંજે ૪.૧૫ વાગ્યે પરત લાવે છે.

આઠ કલાકના સમયમાં દર્શનનો લાભ લઈ શકાય તે રીતે મંદિરો નક્કી કરવાના રહેશે. આ યોજનાનો લાભ લેનાર લોકો જે સ્થળે નિશ્ચિત કરે ત્યાં બસ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. લાલદરવાજા, મણિનગર, સારંગપુર અને વાડજ ટર્મિનસથી બસ ઉપલબ્ધ થાય છે. ધાર્મિક બસ પ્રવાસ યોજના માટે લોકોને પાંચ રૂટના ઓપ્શન આપવામાં આવ્યા છે. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના મંદિરોના રૂટ અલગ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં પુર્વમાં બે અને પશ્ચિમમાં બે તેમજ એક જનરલ રૂટ છે. જે પણ રૂટ ઉપર પ્રવાસીઓ નક્કી કરે તે રૂટ પર દર્શનનો લાભ તેમને આપવામાં આવશે.

# ગુજરાતમાં વાઘને પુનઃસ્થાપિત કરો.. ભાવનગરમાં" ટઈગર ડે" ની ઉજવણીમાં વ્યકત થયો સૂર

ભાવનગર,

ભાવનગરની સંસ્થાઓ લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ ભાવનગર યુનિવર્સિટી,નવરંગ નેચર ક્લબ, ગુર્જરી પર્યાવરણ શૈક્ષણિક ટ્રસ્ટ વેળાવદર અને વન વિભાગ ભાવનગરના સંયુક્ત ઉપક્રમે આજે ૨૯ જુલાઈના રોજ લાઈફ સાયન્સ વિભાગના જગદીશચંદ્ર બોઝ હોલમાં ×વર્લ્ડ ટાઈગર ડે×ની ઉજવણી કરવામાં આવી.કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય વક્તા અને જીવવિજ્ઞાની, લાઈફ સાયન્સ વિભાગના વિભાગીય વડા ડો.શ્રી ભારતસિંહ ગોહિલે પાવર પ્રેઝન્ટેશનથી વાઘની સમગ્ર પ્રજાતિનો સુપેરે પરિચય આપી,તેને માનવ મિત્ર અને આપણાં કુદરતી ચક્રનો એક મહત્વનો ભાગ ગણાવ્યો હતો.પર્યાવરણવિદ્ અને જિલ્લા સિંહદિવસના સંયોજક શ્રી તખુભાઈ



સાંડસુરે કહ્યું કે ટાઈગર આપણી તંદુરસ્ત ઈકો સિસ્ટમનું મહત્વનું શિખર છે. ગુજરાતમાં છેલ્લો વાઘ સને ૧૯૮૫ માં ડાંગમાં માર્ગ અકસ્માતથી મૃત્યુ પામ્યો હતો. પછીથી ગુજરાત વાઘવિહોણું બન્યું છે.ભારતના તમામ રાજ્યોમાં મહદંશે વાઘ છે તો ગુજરાતમાં કેમ નહીં? તેઓએ કહ્યું કે ગુજરાતના ડાંગ,છોટાઉદેપુર, નર્મદાના જંગલમાં વાઘનું પુનઃસ્થાપન થઈ શકે તેમ છે. સારિસ્કા જેવું અભયારણ્ય તેનું ઉત્તમ ઉદાહરણ છે.તો ગુજરાતને પણ વાઘનું પુનઃસ્થાપન કરીને રળિયાત કરવું જોઈએ. તેઓએ વાઘ સંરક્ષણ અને તે માટેના પડકાર ઉપર મહત્વનો પ્રકાશ પાડ્યો હતો.ભવનના વિદ્યાર્થી અને વાઘ તજજ્ઞ કુ. ઝંકાર શાહે વાઘના માનવજીવન સાથેના સાંસ્કૃતિક આદાન-પ્રદાનની વિગતે છણાવટ કરી હતી.માં દુર્ગાના વાહન તરીકે વાઘ દર્શાવિ છે કે આપણી ધાર્મિક પરંપરા પણ પ્રકૃતિના વિવિધ રૂપો સાથે જોડાયેલી છે.

વન અધિકારી શ્રી દિવ્યરાજસિંહ સરવૈયા અને રાજહંસ નેચર ક્લબના ઉપપ્રમુખ શ્રી હર્ષદ રાવલિયા તથા શ્રી મલય બારોટ વગેરે વિશેષ ઉપસ્થિત રહ્યાં.નેચર ક્લબના સભ્યો અને પર્યાવરણ પ્રેમીઓ સહિત વિદ્યાર્થીઓની ઉત્સાહિત હાજરી હતી.મંચનુ સંચાલન સુશ્રી નયના ડાભીએ તથા આભાર દર્શન કાજલ વળિયાએ કર્યું હતું.

# નવરંગપુરામાં આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી ૪૨ લાખની લૂંટ કરનાર બે ઝડપાયા

અમદાવાદ,તા.૨૯

શહેરના નવરંગપુરા વિસ્તારમાં થોડા દિવસ અગાઉ આંગડિયા પેઢીના કર્મચારીઓના હાથમાંથી ૪૨ લાખ રૂપિયા લઈ અજાણ્યા શખ્સો પલાયન થઈ ગયા હતા. ત્યારે આ મામલે ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરી બે આરોપીઓને ઝડપી લીધા છે.આરોપીઓ પાસેથી પોલીસે ૩૧.૩૭ લાખ રૂપિયા અને વ્હીકલ કબજે કર્યું છે. આ મામલે પોલીસે વધુ તપાસ આદરી છે.

નવરંગપુરા વિસ્તારમાં આવેલ સમકીત નિધિ આંગડિયા પેઢીમાં નોકરી કરતા કુમારપાળ શાહ અને તેમની સાથે નોકરી કરતા ધર્મેન્દ્રભાઈ થોડા દિવસો અગાઉ રાત્રે ગીરીશ કોલ્ડ્રિંક્સ નજીક આવેલ સમુદ્ર કોમ્પલેક્ષમાં આવેલ મહેન્દ્ર સોમા આંગડિયા પેઢીમાંથી રૂપિયા ૪૨ લાખ લઈને ટુ-વ્હીલર પર તેમની ઓફિસ જઈ રહ્યા હતા. તે દરમિયાન બોડી લાઈન ચાર રસ્તા પાસે સિગ્નલ બંધ હોવાથી તેઓ ત્યાં ઉભા હતા. ત્યારે એક બાઈક પર બે શખ્સો તેમની નજીક આવીને ઉભા હતા અને ફરિયાદીએ ટુ-વ્હીલર પર આગળની બાજુ રાખેલ રૂપિયા ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી હતી.આ દરમિયાન શહેર ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, અગાઉ ચિલઝડપ તથા ગાડીના કાચ તોડીને પૈસા ચોરી કરતા મનોજ સિંધી ગાગડેકર અને વિશાલ તમંચે ભેગા મળી કોઈ જગ્યાએથી લૂંટ કરેલ પૈસા સગેવગે કરવા નરોડા ગેલેક્ષી તરફ જઈ રહ્યા છે. બાતમીને આધારે ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવી બન્નેને ઝડપી લીધા હતા. તેમની તપાસ કરતા તેમની પાસેથી ૩૧.૩૭ લાખ રોકડા અને લૂંટમાં વાપરેલું એક્સેસ વાહન કબ્જે કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.